THE ENGLISH TEACHER

ધી ઇંગ્લીશ ટીચર.

અંગ્રેજી શિક્ષક.

ભાગ ૨ જો.

(માસ્તરની મદદ વગર અંગ્રેજી શીખવાનું પુસ્તક).

પ્રકાશક
સુવિચાર દર્શક મંડળી.
વિઠ્ઠલવાડી, મુંબઇ.

અમદાવાદ
ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.
સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.

કીમત કાગળના પુઠાની રૂ ૦ાા
,, કપડાના પુઠાની રૂ૦ાા=

સુવિચાર દર્શક મંડળાનાં પુસ્તકો.

બાદશાહ બીરબલ પુ. ૧ લું ૬૬ વાર્તાઓનો સંગ્રહ.
કીમત ૧ રૂપીઓ.

બાદશાહ બીરબલ પુ. ૨ જું ૫૪ વાર્તાઓનો સંગ્રહ.
કીમત રૂ ૦॥.

બાદશાહ બીરબલ પુ. ૩ જું ૪૯ વાર્તાઓનો સંગ્રહ.
કીમત ૧ રૂપીઓ.

મહાકાળીની મૂર્તિ અને તેના ભોગ (એક નવીન વાર્તા). કીમત રૂ ૨.

સેતાનનો સાથી સાદા પુઠાની કીમત રૂ ૧.

નાટય કથારસ સંપૂર્ણ ૨૦વાર્તાઓ કીમત રૂ ૧॥.

ધી ઇંગ્લીશ ટીચર અથવા **અંગ્રેજી શિક્ષક** ભાગ ૧ લો માસ્તરની મદદ વગર અંગ્રેજી શીખી શકાય એવું પુસ્તક.
કી. કાગળના પુંઠાંની રૂ ૦॥. કાપડના પુંઠા .. રૂ ૧

સુબોધિની શ્રીમદ ભગવતગીતા (પંડિત શ્રી ગટુલાલજી. શ્રીનાથજી તથા ધ્યાનના ચિત્રો સહિત. કી. ૦॥.

શ્રીમદ ભગવતગીતાનું એકલું ગૂજરાતી ભાષાંતર
કીમત ૨॥ આના.

વૈરાગ્ય શતક કીમત રૂ ૦।.

કલિવિડમ્બન શતક (કલિયુગના કૌતકો) કી. ૨૦)૨.

ગૂજરાતી વહેમ(પેટ પકડીને હસાવનાર વહેમોનો સંગ્રહ).
કીમત ૧ આનો.

હરિશ્ચંદ્ર આખ્યાન કીમત ૩ આના.

વૈષ્ણવ-ગુરૂ-ધર્મ-કર્મ (પંડિત શ્રી ગટુલાલજી તથા શ્રી દેવકીનંદનાચાર્યજીના ચિત્ર સહિત) કી. ૬ આના.

ઉપલા બધા પુસ્તકોનું પોરટેજ જુદું પડશે. પણ જે કોઇ એક સામટાં પાંચ રૂપીઆની કીમતના પુસ્તકો મંગાવશે તો તેની પાસેથી પોસ્ટેજ લેવામાં આવશે નહિ.

એચ. જી. મર્ચન્ટ.

ઘર નં૦ ૧૦૫, ઠિકુરદ્વારી, મુંબઇ.

ખુલાસો.

આ પુસ્તકનો પ્રથમ ભાગ છાપ્યો તે વખતે એના બીજા ભાગ માટે વ્યાકરણનો વિષય લખવાનો ઇરાદો હતો અને તે માટેની સૂચના પ્રથમ ભાગના ૨૦૭મા પેજમાં આપેલી છે અને તેથીજ આ બીજો ભાગ વ્યાકરણના વિષયથી ભરપુર બનાવી પ્રગટ કર્યો છે. વ્યાકરણ એ ભાષાનો પાયો છે. કોઇપણ ભાષા શીખતાં તેના વ્યાકરણના નિયમો જાણવા બહુ અગત્યના છે. અને તેથીજ જો તે વ્યાકરણ કોઇ ધ્યાનપૂર્વક શીખે તો તે ભાષા શીખતાં તેને અડચણ ન પડે તેથી આ ભાગમાં અંગ્રેજી વ્યાકરણના નિયમો ગુજરાતીમાં સમજાવ્યા છે. આ વ્યાકરણના નિયમો માટે જુદા જુદા અંગ્રેજી વ્યાકરણો તથા ગુજરાતી અને મરાઠી વ્યાકરણોની મદદ લીધી છે તેથી તેને માટે તેના કર્તાઓનો અત્રે મારે ઉપકાર માનવાની જરૂર છે.

નાને માથે મોટી પાઘડીની જરૂર રહેતી નથી તેથી આવા નાનકડા પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર રહેતી નથી. વળી આ પુસ્તકના પહેલા ભાગની નવ મહિનામાં પંદરસો કરતાં વધારે પ્રતો ખપી ગઇ એજ કારણે એ પુસ્તકનો બીજો ભાગ બહાર પાડવાને મને લલચાવ્યો. આશા છે કે, મારા પહેલા પુસ્તકની પેઠે આ બીજા પુસ્તકનો પણ લોકો લાભ લેશે.

લી.

યોજક.

छपाई तैयार छे.

वसंतसेना.

संस्कृत मृच्छकटिक नाटक उपरथी लखेली वार्ता. भाषा सरळ अने समजाय तेवी छे. गुणिका पैसानी लोभी कहेवाय छे अने ते ज्यां पैसो देखे त्यां जाय छे एवी कहेवत छे तेथी उलटीज रीते एटले पैसादार गुणिका गरीब हालतमां आवेला **चारुदत्त** उपर प्रेम देखाडे छे तेनुं एमां संपूर्ण वर्णन छे.

उंचा कागळ उपर छपावी, सोनेरी नामवाला उंचा कपडाथी बंधावेली छे.

कीमत रु १ पो. वे. पे. रु ०)≡

——:o:——

चाणाक्यनी चतुराई

लेखक

भारत मार्तंड वेदांत भट्टाचार्य पंडित श्रीगट्टूलालजी

आ पुस्तक संस्कृत मुद्राराक्षस नाटक उपरथी लखेलुं छे. ए पुस्तक विषे वधारे लखवा करतां एना लखनार उपरथी ते रसिक हशे एम जणाववुं पडशे नहि.

उंचा कागळ सोनेरी नामवाळुं कपडानुं पुंठुं.

कीमत रु १ पो. वे. पे. ०)≡

एच. जी. मरचंट.

घर नं. १०५ विठ्ठलवाडी, मुंबई.

૭૪૨૩

THE
ENGLISH TEACHER
ધી ઈંગ્લીસ ટીચર.

અંગ્રેજી શિક્ષક.

ભાગ ૨ જો.

આ પુસ્તકના પહેલા ભાગમાં શરૂઆતમાં સંખ્યા, એ. બી. સી. ડી, તથા જુદા જુદા શબ્દોવાળા ૧૦૮ પાઠ આપેલા છે. અહીંથી વળી જુદીજ રીતે શિખવાનું શરૂ કરવામાં આવેલ છે.

પહેલા ભાગમાં સંખ્યાના નામજ આપેલા છે, પણ તે કેમ ગોઠવવા તે વિષે કાંઈ જણાવેલ નથી, માટે પ્રથમ આ ભાગમાં સંખ્યા ગોઠવવાની રીત બતાવેલી છે. એકથી એક લાખ સુધીના સંખ્યાના આંકડાઓ આપેલા છે, તેથી તેની અંદરથી કોઇ પણ સંખ્યા ગોઠવી શકાય છે.

તેના આપણે થોડાક દાખલા આપીએ. જેમકે:—

૩૨૪૯૭=બત્રીશ હજાર ચારસો સતાણુ (બત્રીશ હજાર Thirty two thousand (થર્ટી ટુ થાઉઝન્ડ) ચારસો Four hundred (ફોરહંડ્રેડ) સતાણુ Ninety seven (નાઇન્ટી સેવન)=Thirty two thousand four hundred and ninety seven. (થર્ટી ટુ થાઉઝન્ડ ફોર હંડ્રેડ એન્ડ નાઇન્ટી સેવન).

એજ પ્રમાણેઃ—૯૩૫૬ નવ હજાર ત્રણુસો છપન (નવ હજાર Nine thousand (નાઇન થાઉઝન્ડ) ત્રણુસો Three hundred (થ્રી હંડ્રેડ) છપન Fifty six (ફીફ્ટી સીક્સ) Nine thousand three hundred and fifty six (નાઇન થાઉઝન્ડ થ્રી હંડ્રેડ એંડ ફીફ્ટી સીક્સ).

એ પ્રમાણે નાનાથી મોટી જેટલી સંખ્યા ગોઠવવી હોય છે તેટલી ગોઠવાય છે.

ગૂજરાતીમાં એક વચનને બહુવચનનું રૂપ આપતી વખતે સાધારણ રીતે 'ઓ' લગાડાય છે, તેમ અંગ્રેજીમાં S (એસ) લાગે છે. પણ જયાં શબ્દને છેડે ss (ડબલ એસ) sh (એસ એચ) ch (સી એચ) x (એક્સ) અથવા o (ઓ) હોય ત્યાં es (ઇ એસ) લગાડવામાં આવે છે તેતો પ્રથમ ભાગમાં આવી ગયું છે, પણ કેટલીક વખત છેડેનો અક્ષર f (એફ) અથવા fe (એફ ઇ) હોય તો તે બદલી નાખીને ves (વી ઇ એસ) કરવો પડે છે. જેમકે:-Life (લાઇફ) Lives (લાઇવ્ઝ) Loaf (લોફ) Loaves (લોવ્ઝ). પણ નીચે જણાવેલા શબ્દોને s લગાડતાં છેડેનો f (એફ) એમજ રહે છે. જેમકે:-Brief (બ્રીફ) chief (ચીફ) grief (ગ્રીફ) dwarf (ડ્વાર્ફ) scarf (સ્કાર્ફ) wharf (ઉવાર્ફ) handkerchief (હેંડકરચીફ) gulf (ગલ્ફ) turf (ટર્ફ) surf (સર્ફ) hoof (હુફ) roof (રૂફ) proof (પ્રુફ) reproof (રીપ્રુફ) fife (ફાઇફ) strife (સ્ટ્રાઇફ) અને safe (સેફ) આટલાને s (એસ) એકલો લાગે છે જેમકે:-Handkerchief નો handkerchiefs chief નો chiefs, proof નો proofs, dwarf નો dwarfs, gulf નો gulfs—વગેરે.

જો શબ્દનો છેલો અક્ષર y (વાઈ) હોય અને તેની આગળનો અક્ષર વ્યંજન હોય તો y (વાઇ) નો i (આઇ) કરીને પછી es (ઇ એસ) લગાડવો પડે છે જેમકે fly નો flies, duty નો duties પણ જો y ની આગળ સ્વર એટલે એ. ઇ. આઇ. ઓ. યુ. એમાંનો કોઇ અક્ષર હોય તો y નો i થતો નથી પણ એમજ રહે છે. જેમકે:—boy નો boys.

બહુવચન કરતાં es લગાડવાના કેટલાક શબ્દો.

Ass (આસ) ગધેડો. Asses (આસીઝ) ગધેડાઓ.
Bush (બુશ) ઝાડી. Bushes (બુશીઝ) ઝાડીઓ.
Lass (લાસ) છોડી. Lasses (લાસીઝ) છોડીઓ.
Hero (હીરો) વીરપુરૂષ. Heroes (હીરોઝ) વીરપુરૂષો.
Fox (ફોકસ) લોંકડી. Foxes (ફોકસીઝ) લોંકડીઓ.
Coach (કોચ) ગાડી. Coaches (કોચીઝ) ગાડીઓ.
Fish (ફીશ) માછલી. Fishes (ફીશીઝ) માછલીઓ.
Negro (નીગ્રો) સીધી Negroes (નીગ્રોસ) સીધીઓ.
Church (ચર્ચ) દેવલ Churches (ચર્ચીસ) દેવલો.
Box (બોકસ) પેટી Boxes (બોકસીસ) પેટીઓ.
Volcano (વોલ્કેનો) જવાળામુખી Volcanoes (વોલ્કેનોઝ) જવાળામુખીઓ.
Wish (ઉવીશ) ઇચ્છા Wishes (ઉવીશીઝ) ઇચ્છાઓ.
Inch (ઈંચ) તસુ Inches (ઈંચીઝ) તસુઓ.
Branch (બ્રાંચ) શાખા Branches (બ્રાંચીઝ) શાખાઓ.

છેડેના f અથવા fe નો es લાગતાં ves થાય છે તેના થોડાક દાખલા.

Loaf (લોફ) રોટલો Loaves (લોઝ) રોટલા.

Wife (વાઇફ) પરણેલી બાયડી Wives (વાઇવ્ઝ) પરણેલી બાયડીઓ.
Life (લાઇફ) જીંદગી Lives (લાઇવ્ઝ) જીંદગીઓ.
Shelf (શેલ્ફ) છાજલી Shelves (શેલ્વ્ઝ) છાજલીઓ.
Wolf (વુલ્ફ) વરૂ Wolves (વુલ્વ્ઝ) વરૂઓ.
Knife (નાઇફ) છરી Knives (નાઇવ્ઝ) છરીઓ.

છેડેનો અક્ષર y હોય તો તેને es લગાડતાં પહેલાં i થાય તેના થોડાક દાખલા.

Lady (લેડી) બાઇ Ladies (લેડીઝ) બાઇઓ.
Duty (ડયુટી) ફરજ Duties (ડયુટીઝ) ફરજો.
Fly (ફ્લાઈ) માખી Flies (ફ્લાઇઝ) માખીઓ.
Lily (લીલી) કમલફુલ Lilies (લીલીઝ) કમલફુલો.
Party (પાર્ટી) ટોલી Parties (પાર્ટીઝ) ટોલીઓ.

Money (મની) પૈસા. એ શબ્દને બહુવચનનું રૂપ આપવા માટે y નો i કરી es લગાડવો પડે છે Money (મની) Moneies (મનીઝ).

Cow (કાઉ) ગાય એનું બહુવચન Cows (કાઉઝ) અથવા Kine (કાઇન) પણ થાય છે.

Sow (સો) ભુંડણનું Swine (સ્વાઇન) થાય છે Deer (ડીઅર) હરણ એનું બહુવચન Deer (ડીઅર) છે

અહીંથી કેટલોક વ્યાકરણનો ભાગ શરૂ કરવામાં આવ્યો છે. અંગ્રેજી ભાષા શીખવા ઇચ્છનાર જો આ વ્યાકરણના નિયમો ધ્યાન પૂર્વક શીખશે તો તેને અંગ્રેજી વાતચીત કરવામાં બહુ સહેલું થઇ પડશે, એટલુંજ નહિ પણ અંગ્રેજી

શીખવા જનાર વિદ્યાર્થી પણ આ વ્યાકરણના નિયમો પાઠ કરશે તો તે તેને છેક છઠ્ઠા ધોરણ Standard (સ્ટેન્ડર્ડ) સૂધી કામ આવશે. શરૂઆતમાં Letters (લેટર્સ) અક્ષરો શીખવા જોઇએ. તે તો આ પુસ્તકના પહેલા ભાગમાં આવી ગયા છે, પણ તે કેમ વાપરવા વગેરે તેના વીગતવાર નિયમો અહીં બતાવવામાં આવ્યા છે.

વ્યાકરણના નિયમો બરાબર જાણવાથી ભાષા શુદ્ધ બોલતાં અને લખતાં આવડે છે. કોઇ પણ ભાષાનું વ્યાકરણ શીખ્યા વગર શીખવી બહુજ મુશ્કેલ છે, પોતાની સ્વદેશી ભાષા પણ તેના વ્યાકરણના નિયમ જાણ્યા વગર કોઈ શુદ્ધ બોલી કે લખી શકતો નથી. ત્યાતો આપણે પારકી ભાષા શીખવાની ઉમેદ રાખીએ છીએ તેથી તે શીખવા માટે તેના વ્યાકરણના બધા નિયમો જાણવાની જરૂર છે.

આટલો ખુલાસો કર્યા પછી હવે નવું જાણવાની શરૂઆત કરીએ.

Letters (લેટર્સ) અક્ષરો.

અંગ્રેજી લીપીમાં Capital (કેપીટલ) મોટા અને Small (સ્મોલ) નાના એમ બે જાતના અક્ષરો છે.

અંગ્રેજી પુસ્તકોમાં રોમન અક્ષરોનો ઉપયોગ થાય છેઃ–

મોટા–A B C D E F વગેરે.

નાના–a b c d e f વગેરે.

મોટા અક્ષરોનો ઉપયોગ (૧) કોઈ પણ વાક્યની શરૂઆતમાં, (૨) ઈશ્વર વાચક દરેક શબ્દની શરૂઆતમાં. જેમકેઃ—God (ગોડ) ઇશ્વર, Lord (લોર્ડ) ઇશ્વર, (૩) કવિતાની દરેક લીટીની શરૂઆતમાં (૪) દરેક વિશેષ નામ

તથા તેથી થયલા વિશેષણના પહેલા અક્ષરમાં, જેમકે:—Europe (યુરોપ) યુરોપદેશ Europian (યુરોપીઅન) યુરોપ દેશનો રહેવાશી India (ઇંડીઆ) હિંદુસ્થાન Indian (ઈંડીઆન) હિંદુસ્થાની (૫) I (આઇ) હું, O (ઓ) અરે, એ એક અક્ષરના શબ્દો કહેવાય છે તે હમેશ મોટા અક્ષરથીજ લખાય છે. (૬) મહિના અને વારના નામોનો પહેલો અક્ષર મોટા અક્ષરથી લખાય છે. (૭) લખતી વખત કોઇના શબ્દ ઉતારી લેવા હોય તો તેના પહેલા શબ્દનો પહેલો અક્ષર મોટો લખાય છે. (૮) વાક્યમાં જો ઉપયોગનો કે જાહેર શબ્દ આવ્યો હોય તો તેનો પણ પહેલો અક્ષર મોટો લખાય છે. જેમકે:—High Court (હાઇકોર્ટ) વડી અદાલત. Parliament (પાર્લામેંટ) રાજસભા. Town Hall (ટાઉન હોલ) શહેર ગૃહ.

કેટલેક ઠેકાણે Italic (ઇટાલીક) અક્ષરોનો ઉપયોગ કરવામાં આવે છે. જે શબ્દ ઉપર વધારે ભાર મૂકી ને બતાવવો હોય તો ત્યાં તે અક્ષરોનો ઉપયોગ થાય છે. આપણી ભાષામાં તેવો શબ્દ કાળા અક્ષરોથી છાપવામાં આવે છે.

Italic (ઇટાલીક) અક્ષરો જરા વાંકા લખાય છે.

મોટા—*A B C D E F G H* વગેરે.

નાના—*a b c d e f g h* વગેરે.

A B થી Z સૂધી ૨૬ અક્ષરો છે. તેમાં A E I O U Y એટલા સ્વર છે. બીજા બધા વ્યંજન છે. W Y ને કોઇ વખત સ્વર તરીકે ગણવામાં આવે છે.

Syllable (સીલેબલ) એટલે શબ્દના જેટલા ભાગનો એકદમ ઉચ્ચાર થઇ શકે તેટલો ભાગ. Lock (લોક) તાળું એમાં એક Syllable (સીલેબલ) છે. Forward (ફોર-

વર્ડ) આગળ. For અને ward એ બે ભાગનો એક શબ્દ છે. તેમજ Courtyard (કોર્ટ યાર્ડ) વાડો, એમાં પણ Court અને yard એ બે સીલેબ્લો છે. Water (વોટર) પાણી એમાં પણ બે સીલેબ્લો છે. Wa અને ter. Syllable (સીલેબ્લ) Syl. la અને ble એમાં ત્રણ વિભાગ છે. પણ દરેક Syllable સાથે એક પણ સ્વરતો હોયજ છે. સ્વર વગર Syllable જુદા પડી ન શકે. તેના દાખલા પણ ઉપર બતાવેલા Court yard (કોર્ટ યાર્ડ). Forward (ફોરવર્ડ) વગેરે શબ્દોમાં છે.

ગૂજરાતી અને અગ્રેજીમાં શબ્દના મુખ્ય પાંચ ભાગ પાડેલા છે. (1) The Noun (ધી નાઉન) નામ. (2) The Pronoun (ધી પ્રોનાઉન) સર્વનામ. (3) The Adjective (એડજેકટીવ) વિશેષણ. (4) The Verb (ધી વર્બ) અને (5) The Adverb (ધી એડવર્બ) અવ્યય. (અવ્યય ચાર જાતના છે. (1) The Adverb (ધી એડવર્બ) ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય છે. (2) The Preposition (ધી પ્રેપોઝીશન) શબ્દ યોગી અવ્યય. (3) The Conjunction (ધી કન્ઝંકશન) ઉભયાન્વી અવ્યય. અને (4) The Interjection (ધી ઇન્ટરજેકશન) કેવલ પ્રયોગી અવ્યય. એ બધા ભાગોને ઓળખવાને જુદી જુદી રીતો હોય છે. પ્રથમ આપણે નામ વિષે થોડું જાણવું જોઇએ.

THE NOUN (ધી નાઉન).

નામ.

પ્રાણી, પદાર્થ, વનસ્પતિ વિચારાદિ ઓળખાવનાર બધા નામ એ વર્ગમાં ગણાય છે; જેમકે:- Water (વોટર)

પાણી. Well (ઉવેલ) કુવો. Sun (સન) સૂરજ. Milk (મીલ્ક) દૂધ. Cap (કેપ) ટોપી. Goodness (ગુડનેસ) ભલાઇ. Poona (પુના) પુના શહેર. Cow (કાઉ) ગાય. Rajput (રજપુત) રજપુત. Narayen (નારાયણ) માણુસનું નામ છે.

ગૂજરાતી ભાષામાં નામના બે ભેદ છે. (૧) સામાન્ય નામ અને (૨) વિશેષ નામ. પણ અંગ્રેજીમાં પાંચ ભેદછે. (૧) Common Noun (કોમન નાઉન) સામાન્ય નામ (૨) Proper Noun (પ્રોપર નાઉન) વિશેષ નામ. (૩) Abstract Noun (એસ્ટ્રેકટ નાઉન) ભાવવાચક નામ. (૪) Collective Noun (કલેકટીવ નાઉન) સમુદાય વાચક નામ અને (૫) Material Noun (મેટીરીઅલ નાઉન) પદાર્થ વાચક નામ.

આમાંના છેલા ત્રણ જાતના નામોનો સંગ્રહ ગુજરાતીમાં સામાન્ય નામમાં થઇ જાય છે.

સામાન્ય નામ એટલે જાતિ વાચક સંજ્ઞા, એટલે વર્ગ બોધક ગુણ, માપ, સગાં, સાધારણ પદાર્થાદિક સૂચક અને ક્રિયા ઉપરથી થએલ નામ છે. (અહીં માત્ર અંગ્રેજીમાં જે (કોમન નાઉન) સામાન્ય નામ કહેવાય છે તેના દાખલા આપીશું. બાકીના છેલા ત્રણ જાતના દાખલા તેમના ક્રમસર આપીશું.) તેના દાખલાઃ-Book (બુક) ચોપડી. Window (ઉવીન્ડો) બારી. Chair (ચેર) ખુરશી. Brother (બ્રધર) ભાઇ વગેરે.

વિશેષ નામ એટલે કોઇ સ્થલ, પદાર્થ કે માણુસનું ખાસ નામ. જેમકેઃ-Surat (સુરત) સુરત શહેર. Narbada (નર્બદા) નર્બદા નદી. Bholanath (ભોલાનાથ) ભોલાનાથ (માણુસનું નામ) Hari (હરિ) હરિ માણુસનું નામ

Kohinoor (કોહીનૂર) નામનો હિરો વગેરે

ભાવવાચક નામ એટલે પદાર્થનો ભાવ જેથી જણાય છે તે **ભાવ વાચક નામ** જેમકેઃ- Kindness (કાઇન્ડ નેસ) દયા. Goodness (ગુડનેસ) ભલાઇ. Motion (મોશન) ગતિ. Sleep (સ્લીપ) ઉંઘ. Sweetness (સ્વીટનેસ) ગળપણ. ભાવવાચક નામ ઓળખવાને બહુજ મુશ્કેલી પડે છે. ઘણીવાર તો તેથી ઘોંટાળો થાય છે. અંગ્રેજી ભાવવાચક નામમાં માત્ર પદાર્થનો ભાવજ નહિ પણ કૃતિ અને સ્થિતિ દર્શક નામો પણ છે. Motion (મોશન) અને Sleep (સ્લીપ) એમાં (મોશન) માં કૃતિ અને (સ્લીપ) માં સ્થિતિ બતાવેલી છે. એ નામ માટે જેમ વધારે ખુલાસો કરતા જઇએ તેમ નવા શીખનાર વધારે ગુંચવાતા જાય છે. તેથી ઉપર જે થોડુંક બતાવ્યું છે તેટલુંજ ધ્યાનમાં રાખવાનુ છે. એક ચીજ વધારે ધ્યાન રાખવા જેવી એ નામમાં બહુજ ઉપયોગની છે કે, એ નામ અંગ્રેજીમાં આવતાં તેને A, An, અથવા The (એ, એન (અથવા) ધી) એમાંથી એકે પ્રત્યય લાગતો નથી. The Sleep (ધી સ્લીપ) ન બોલાતાં માત્ર Sleep (સ્લીપ) જ બોલાય છે. તેમજ વળી એ નામનું બહુવચન પણ થતું નથી. એ નામના થોડા વધારે આપેલા દાખલા આ ઠેકાણે વધારે ઉપયોગી થઇ પડશેઃ-Length (લેંગ્થ) લંબાઇ. Beauty (બ્યુટી) સુંદરતા. Blackness (બ્લેકનેસ) કાળાશ. Truth (ટ્રુથ) સચાઇ. Honesty (ઓનેસ્ટી) પ્રમાણિકતા વગેરે.

Collective Noun (કલેકટીવ નાઉન) **સમુદાય વાચક નામ.** અનેક વસ્તુઓના સમુદાયને **સમુદાય વાચક નામ કહે છે.** જેમકેઃ-Family (ફેમીલી) કુટુંબ. Court

(કોર્ટ) દરબાર. Jury (જ્યુરી) પંચ. Government (ગવર્મેન્ટ) સરકાર. Army (આર્મી) લશ્કર, સૈન્ય. (લશ્કર, ઘણા માણસો એકઠા થાય એવી જગા, સભા, વગેરે સમુદાય વાચક નામમાં ગણાય છે.)

Material Noun (મેટીરીઅલ નાઉન) **પદાર્થ વાચક નામ.** જે ચીજો સંખ્યાથી કહેવાતી નથી, પણ તેના વજન અથવા માપથી જણાય છે તે આ વર્ગમાં છે. જેમકે:- Gold (ગોલ્ડ) સોનું, Silver (સીલ્વર) રૂપું. પાંચ તોલા રૂપુ, ચાર તોલા સોનું. એમ બોલાય છે. તેમજ Water (વોટર) પાણી. હાંડો ભરીને પાણી. તેલનો ઘડો, ઘીનો ડબો.

ભાવવાચક નામની પેઠે આ નામને પણ પ્રત્યય કે બહુવચનના રૂપ નથી. પણ જો વસ્તુના જુદા જુદા પ્રકાર કહેવા કે બતાવવા હોય તો તેને પ્રત્યય લાગે છે. તેમજ તેનું બહુવચન પણ થાય છે. તેનો આપણે દાખલો લઇએ. જેમકે:- Food (ફુડ) ખોરાક. હવે A food અથવા The food હોય તો અમુક જાતનો ખોરાક એમ સમજાય છે. તેમજ Foods (ફુડસ) ખોરાક ની અમુક જાતો. તેમજ Water ને A water અથવા The water થતાં અમુક જાતનું અથવા ઠેકાણાનું પાણી. Waters (વોટર્સ) નું પણ તેવીજ રીતે સમજવું. A gold અથવા The gold હોય તો સોનાનો અમુક પ્રકારનો દાગીનો ગણાય છે.

નામના એ પાંચ પ્રકાર છે છતાં Verbal Noun (વર્બલ નાઉન) ક્રિયાપદ ઉપરથી થયેલા નામ છે. તેના પણ બે રૂપ છે. એક તો ક્રિયાપદની આગળ To (ટુ) લાગીને થાય છે. અને બીજું રૂપ ક્રિયાપદની પાછળ ing (ઈંગ) લાગીને થાય છે. એ વિષે આગળ ક્રિયાપદ સાથે વધારે સમજણ આવશે.

THE PRONOUN (ધી પ્રોનાઉન).

સર્વનામ.

સર્વનામ—હરકોઇ નામને ઠેકાણે જે શબ્દ મુકવામાં આવે છે તેને સર્વનામ કહે છે.

I (આઇ) હું. He (હી) તે. This (ધીસ) આ. Who (હુ) કોણ.

સર્વનામના ગૂજરાતીમાં પાંચ પ્રકાર છે તેમજ અંગ્રેજીમાં પણ તેટલાજ પ્રકાર છે. (1) Personal Pronoun (પર્સનલ પ્રોનાઉન) પુરૂષ સર્વનામ. (2) Demonstrative Pronoun (ડેમનસ્ટ્રેટીવ પ્રોનાઉન) દર્શક સર્વનામ. (3) Relative Pronoun (રેલેટીવ પ્રોનાઉન) સંબંધી સર્વનામ. (4) Interrogative Pronoun (ઇંટરોગેટીવ પ્રોનાઉન) પ્રશ્નાર્થક સર્વનામ અને (5) Indefinite Pronoun (ઇન્ડેફીનીટ પ્રોનાઉન) સામાન્ય સર્વનામ. એને અનિશ્ચિત સર્વનામ પણ કહે છે.

હવે પહેલું Personal Pronoun (પર્સનલ પ્રોનાઉન) પુરૂષ સર્વનામમાં બોલનાર પોતે જેની સાથે બોલે છે તે અને જેને વિષે બોલે છે તે બધાનો સમાવેશ થાય છે. I (આઇ) હું. We (વી) અમે. Thou (ધાઉ) તું. You (યુ) તમે. He, she, it (હી, સી, ઇટ) તે, They (ધે) તેઓ.

I (આઈ) હું (બોલનાર, એ પ્રથમ પુરૂષમાં) Thou (ધાઉ) તું (જેની સાથે બોલે છે તે બીજા પુરૂષમાં) He, she, it (હી, શી, ઇટ) તે (જેને માટે બોલાય છે તે ત્રીજા પુરૂષમાં.

He, she, it, એને કોઇ દર્શક સર્વનામમાં પણ ગણે છે.

દર્શક સર્વનામ એટલે દેખાડનાર પાસેની અથવા

દુરની ચીજો દેખાડનાર, અથવા આવી જાતનું અથવા અમુક રીતનું છે એમ બતાવે છે. This (ધીસ) આ (પાસેની ચીજ બતાવે છે) That (ધેટ) તે, પેલું (દૂરની ચીજ બતાવનાર) Such (સચ) આવું, So (સો) એમ. Same (સેમ) એજ. વગેરે.

સંબંધી સર્વનામ એટલે વાક્યમાં આગળ આવી ગયલા નામ અથવા સર્વનામ સાથે જેને સંબંધ હોય તે. Who (હુ) કોણ. Which (વ્હીચ) જે. As (એઝ) જેમ.

વાક્યમાં જે શબ્દને બદલે સંબંધી સર્વનામ આવે છે તેને Antecedent (એન્ટીસીડન્ટ) પૂર્વગામી શબ્દ કહે છે. જેમકે:—This is the book which I bought (ધીસ ઇઝ ધી બુક વ્હીચ આઇ બોટ) આ ચોપડી જે મેં ખરીદી છે તે. એની અંદર which (વ્હીચ) શબ્દ slate (સ્લેટ)ને બદલે છે, તેથી Slate શબ્દ which શબ્દનો Antecedent (પૂર્વગામી) છે.

અંગ્રેજીમાં ઘણા વાક્યોમાં સંબંધી સર્વનામ અધ્યાહાર હોય છે. જેમકે:—

The house I saw was small (ધી હાઉસ આઇ સો વ્હોઝ સ્મોલ) મેં જે ઘર જોયું તે નાનું હતું.

આ વાક્યમાં which અથવા that શબ્દ house શબ્દની આગળ આધ્યાહાર છે. એટલે

The house that (અથવા which) I saw was small.

That શબ્દ સંબંધી સર્વનામમાં પણ વપરાય છે અને દર્શક સર્વનામમાં પણ વપરાય છે. તેથી દર્શક સર્વનામ ક્યાં છે અને સંબંધી સર્વનામ ક્યાં છે તે તેના અર્થ ઉપરથી સમજાય છે. that નો અર્થ જ્યાં (તે) થાય છે ત્યાં તે દર્શક

સર્વનામ તરીકે ગણાય છે પણ જ્યાં (જે) અર્થ થાય છે ત્યાં સંબંધી સર્વનામ તરીકે ગણાય છે. જેમકેઃ-

I know that (આઇ નો ધેટ) હું તે જાણુંછું.

અહીં that દર્શક સર્વનામ છે એતો દેખીતુંજ છે. વળી He that (who) steals, must be punished (હી ધેટ હૂ સ્ટીલ્સ, મસ્ટ બી પનીશ્ડ) જે ચોરી કરે છે તેને શિક્ષા કરવી જોઇએ.

આ વાકયમાં that સંબંધી સર્વનામ છે.

વળી એક બીજો જાણવા લાયક ધારો તો એવો છે કે, that સંબંધી સર્વનામ હોય ત્યારે તેનું રૂપ એકવચન અને બહુવચનમાં એકજ સરખું રહે છે (એટલે that નું બહુવચન those ન થતાં that જ રહે છે) જેમકેઃ-

The boys that were absent, were fined (ધી બોયઝ ધેટ ઉાર એબ્સન્ટ, ઉવર ફાઇન્ડ) જે છોકરાઓ ગેરહાજર હતા તેમને દંડ થયો હતો.

પ્રશ્નાર્થક સર્વનામ-પ્રશ્ન કરતી વખતે તે માટે ઉપયોગમાં આવતા સર્વનામને પ્રશ્નાર્થક સર્વનામ કહે છે. Who, which, what વગેરે પ્રશ્નાર્થક સર્વનામમાં ગણાય છે. સંસંધી સર્વનામ માટે પણ who અને which આવ્યા છે છતાં ફરીથી તે પ્રશ્નાર્થક સર્વનામમાં પણ આવ્યા છે તેથી તે સંબંધી ખુલાસો કરવો અગત્યનો છે. જ્યારે who અને which સંબંધી સર્વનામ તરીકે હોય છે ત્યારે તે વાકયની વચ્ચે આવે છે પણ જ્યારે પ્રશ્નાર્થક સર્વનામ તરીકે આવેછે ત્યારે તે વાકયની શરૂઆતમાંજ આવે છે અને તે વાકયને છેડે પ્રશ્નચિહ્ન (?) હોય છે. જેમકેઃ- *Who* is that fat man?

(હુ ઇઝ ધેટ ફેટ મેન ?) પેલો જાડો માણુસ કોણુ છે ?) આ પ્રશ્નાર્થક સર્વનામ છે.)

I know not the boy *who* comes (આઇ નો નોટ ધી બોય હુ કમ્સ) જે છોકરો આવે છે તેને હું ઓળખતો નથી. (અહીં who સંબંધી સર્વનામ છે.)

Which boy is best at his task ? (ઉવીચ બોય ઇઝ બેસ્ટ એટ હીઝ ટાસ્ક ?) પોતાના પાઠ કરવામાં કયો છોકરો હુશિયાર છે ? (which પ્રશ્નાર્થક સર્વનામ છે.)

This is the same thing *which* I want (ધીસ ઇઝ ધી સેમ થીંગ ઉવીચ આઇ ઉવોન્ટ) મને જે જોઇએ છે તે એજ ચીજ છે. (which આ ઠેકાણે સંબંધી સર્વનામ છે.) What શબ્દ પણુ પ્રશ્નાર્થક સર્વનામ તરીકે ગણુાય છે. એ શબ્દ that અને which મળીને થએલ છે. એને Compound Relative Pronoun (કોમ્પાઉન્ડ રેલેટીવ પ્રોનાઉન) કહે છે.

This is not what I told you (ધીસ ઇઝ નોટ ઉવોટ આઇ ટોલ્ડ યુ) એટલે This is not that which I told you (ધીસ ઇઝ નોટ ધેટ ઉવીચ આઇ ટોલ્ડ યુ) આ સિવાય who, which અને what એ શબ્દોને ever (એવર) અને soever (સો એવર) એ શબ્દો જોડાય છે. ત્યારે whoever (હુએવર), whosoever (હુસો એવર) whichever (ઉવીચએવર), whichsoever (ઉવીચસોએવર), અને whatever (વોટએવર) whatsoever (વોટસોએવર) વગેરે રૂપો થાય છે ત્યારે તેને પણુ Compound Relative Pronoun (કોમ્પાઉન્ડ રેલેટીવ પ્રોનાઉન) કહે છે.

કોઇ પણ વસ્તુનો સામાન્ય બોધ થાય તેને સામાન્ય સર્વનામ કહે છે. જેમકે:-Any (એની), Some (સમ), one (વન), other (અધર) વગેરે.

સર્વનામના બીજા પણ Possessive (પોઝેસીવ) ષષ્ઠિ સંબંધક, Reciprocal (રેસીપ્રોકલ) પરસ્પરાર્થી, Reflexive (રીફ્લેકસીવ) પરાવર્તક, અને Distributive (ડીસ્ટ્રીબ્યુટીવ) વિભાગ દર્શક. એવા ચાર પેટા ભેદ છે.

Possessive Pronoun (પ્રોઝેસીવ પ્રોનાઉન) એ પુરૂષ વાચક, પ્રશ્નાર્થક, અને સંબંધી સર્વનામ એના છઠ્ઠી વિભક્તિના રૂપે થાય છે. જેમકે:-my, mine; our, ours; thy, thine; your, yours; their, theirs; વગેરે. એમાં mine (માઇન), ours (અવર્સ) thine (ધાઇન) વગેરે રૂપો Possessive Pronoun ના છે.

પુરૂષ વાચક સર્વનામને Self (સેલ્ફ) પોતાનું એ પ્રત્યય લાગે છે ત્યારે તેને Reflexive Pronoun (રીફ્લેકસીવ પ્રોનાઉન) કહે છે. તેના એકવચનના તથા બહુવચનના બધા રૂપો નીચે આપેલા છે.

એક વચન.	બહુવચન.
I નું Myself (માઇસેલ્ફ)	We નું Ourselves (અવર સેલ્વઝ).
Thou નું Thyself (ધાઇસેલ્ફ) You નું Yourself (યોરસેલ્ફ)	You નું Yourselves (યોરસેલ્વઝ).
He નું Himself (હીમસેલ્ફ) She નું Herself (હરસેલ્ફ) It નું Itself (ઇટસેલ્ફ)	They નું Themselves (ધેમસેલ્વઝ). બહુવચનમાં Self ના છેલા lf ને s પ્રત્યય લાગતાં f નો ves થાય છે.

Reciprocal Pronoun (રેસીપ્રોકલ પ્રોનાઉન) અ-રસપરસ અથવા એકમેક એવો અર્થ બતાવે છે. Each other (ઇચ અધર) અને one another (વન અનઅધર) એ બે શબ્દોજ એ સર્વનામમાં છે. એમાંથી each other બે માટેજ વપરાય છે. જેમકે:–They saw each other (ધે સો ઇચ અધર) તેઓએ (બે જણાએ) એક બીજાને દીઠા. One another બે કરતાં વધારે માટે વપરાય છે. જેમકે:–All the children love one another (ઓલ ધી ચીલ્ડ્રન લવ વન અન અધર) (પેલા) બધા છોકરાંઓ એક બીજાને ચહાય છે.

Each, every, either અને neither એ Distributive Pronouns છે. ઘણી વસ્તુઓમાંની એક જુદી કરી બતાવવા માટે એ સર્વનામ વપરાય છે. જેમકે:–

Each of them took one book (ઇચ ઓફ ધેમ ટુક વન બુક) તેમનામાંના દરેકે એકેક ચોપડી લીધી.

Either of you must go.
(આઇધર ઓફ યુ મસ્ટ ગો)
તમારામાંથી એકે જવું જોઇએ.

GENDER, NUMBER, AND CASE

(જેન્ડર, નંબર; એંડ કેસ.)

જાતિ, વચન, અને વિભક્તિ.

ગૂજરાતી પેઠે અંગ્રેજીમાં પણ નામ અને સર્વનામને જાતિ, વચન અને વિભક્તિ લાગે છે.

હવે પ્રથમ Gender (જેન્ડર) જાતિ વિષે જાણીએ.

અંગ્રેજીમાં પણ ગૂજરાતીની પેઠે ત્રણ જાતિ છે. Masculine

Gender (મેસ્કયુલાઇન જેન્ડર) નર જાતિ; Feminine Gender (ફેમીનાઇન જેન્ડર) નારી જાતિ; અને Neuter Gender (ન્યુટર જેન્ડર) નાન્યતર જાતિ. ગૂજરાતી કરતાં અંગ્રેજીમાં જાતિ ઓળખવાની રીત બહુજ સહેલી છે. જેટલા પ્રાણી વાચક પદાર્થના નામ છે તે તેમના પુરૂષ તથા સ્ત્રી જાતિ પ્રમાણે નર જાતિ અથવા નારી જાતિમાં ગણાય છે. તે સિવાયના બધા નાન્યતર જાતિમાં ગણાય છે. જીવ વગરની ચીજો બધી નાન્યતર જાતિમાં ગણે છે. તેમાં કેટલાકને નર તથા નારી જાતિમાં પણ ગણેલાં છે. તેના થોડાક દાખલા લઇએ. જેમકે:—

Teacher (ટીચર) શિક્ષક, Masculine Gender નર જાતિ. Sister (સીસ્ટર) બહેન, Feminine Gender નારી જાતિ. Box (બોકસ) પેટી, Neuter Gender નાન્યતર જાતિ. Coat (કોટ) ડગલો, નાન્યતર જાતિ. Ball (બોલ) દડો, નાન્યતર જાતિ. Mother (મધર) મા, નારી જાતિ. Father (ફાધર) બાપ, નર જાતિ વગેરે.

ઉપર કહેવા પ્રમાણે અંગ્રેજી વ્યાકરણના નિયમ પ્રમાણે કેટલાક નર તથા નારીજાતિમાં ગણાય છે, અને તેને માટે નિયમો છે પણ તે અહીં બતાવતાં શરૂઆતથી શીખનાર ગુંચવાયા વગર રહેજ નહિ, તેથી માત્ર મુખ્ય નામો જે ઘણાજ વપરાસમાં આવે છે તેનીજ જાતિ બતાવેલ છે. The Sun (ધી સન) સૂર્ય, નરજાતિ. The Moon (ધી મુન) ચંદ્ર નારીજાતિ. Time (ટાઇમ) વખત, નરજાતિ. Ship (શીપ) વહાણ, નારીજાતિ. One's own country (વન્સ ઓન કંટ્રી) સ્વદેશ (એવા અર્થને કોઇ પણ દેશ) નારીજાતિ. Death (ડેથ) મોત, નરજાતિ.

વળી જે નામ પુરૂષ અથવા સ્ત્રી જાતિ તરીકે ઓળખાતું નથી, પણ બેઉ જાતિનું હોય તેને અંગ્રેજીમાં Common Gender (કોમન જેન્ડર) સામાન્ય જાતિ કહે છે, જેમકેઃ– Friend (ફ્રેંડ) મિત્ર, child (ચાઇલ્ડ) બાળક, person (પર્સન) પુરૂષ અથવા સ્ત્રી; parent (પેરન્ટ) મા અથવા બાપ; people (પીપ્લ) લોકો, એ બધા સામાન્ય જાતિમાં છે.

કીડી, માખી વગેરે નાના પ્રાણીઓને અંગ્રેજીમાં નાન્યતર જાતિમાં ગણેલાં છે.

ઉપર આપેલી સમજણથી નામની જાતિ ઓળખતાં ઘણી અડચણ પડવાની નથી. હવે સર્વનામની જાતિ વિષે થોડી સમજણ આપવાની છે. સર્વનામની જાતિ ઓળખવાની સૌથી સહેલી રીત તો એજ છે કે, જે નામને બદલે તે વપરાંય તેની જાતિ તેને લાગે છે. તેમાં વળી કેટલાક સર્વનામની જાતિ ઠરાવેલી હોય છે. He (હી) She (શી) it (ઇટ) એ ત્રણે નર, નારી તથા નાન્યતર જાતિ છે. નરજાતિ માટે he, નારી જાતિ માટે she અને નાન્યતર જાતિ માટે it વપરાય છે. Who (હુ) માત્ર નર તથા નારી જાતિનેજ લાગે છે. which (હ્વીચ) સંબંધી સર્વનામ તરીકે હમેશ નાન્યતર જાતિમાંજ હોય છે. પણ which જ્યારે પ્રશ્નાર્થક સર્વનામ હોય છે ત્યારે જે નામ માટે આવે છે તેની જાતિ તેને લાગે છે.

NUMBER [નંબર] વચન.

અંગ્રેજીમાં પણ ગૂજરાતી પેઠે બે વચન છે. Singular Number [સીંગ્યુલર નંબર] એક વચન, અને Plural Number [પ્લુરલ નંબર] બહુ વચન, (બહુ વચનને કોઇ

અનેકવચન પણ કહે છે, કારણ કે એક કરતાં વધારે તે અનેક.)

જે નામ એક વસ્તુ બતાવે તે એકવચન અને એક કરતાં વધારે બતાવે તે અનેકવચન. અંગ્રેજી નામમાં એકવચનના નામને બહુવચન કરવા માટે s લાગે છે, એવો સાધારણ નિયમ છે. તેના થોડાક દાખલા નીચે મુજબ છે.

એકવચન.	બહુવચન.
Book (બુક) ચોપડી.	Books (બુક્સ) ચોપડીઓ.
Boy [બોય] છોકરો.	Boys [બોયઝ] છોકરાઓ.
Chair [ચેર] ખુરસી.	Chairs [ચેર્સ] ખુરસીઓ.
Cat [કેટ] બીલાડી,	Cats [કેટસ] બીલાડીઓ,
Lamp [લેમ્પ] દીવો.	Lamps [લેમ્પ્સ] દીવાઓ
Rat [રેટ] ઉંદર.	Rats [રેટસ] ઉંદરો.
Son (સન) છોકરો	Sons (સન્સ)છોકરાઓ
Tail (ટેલ) પુછડી.	Tails (ટેલ્સ) પુછડીઓ.

એ પ્રમાણે s લગાડતાં બહુવચન થાયછે, પણ જયાં ss, sh વગેરે હોય ત્યાં es લાગેછે તે નિયમતો આગળ શીખવામાં આવી ગએલ છે. તેથી અહીં ફરીથી બતાવેલ નથી,

સર્વનામ વિષેના એકવચન બહુવચનના નિયમો જુદા સમજાય તેવા નથી તેથી અહીં આગળ વિભક્તિ સાથે તેની સમજણ આપેલી છે.

Case (કેસ)

વિભક્તિ

નામ અથવા સર્વનામના વાકયમાં બીજા શબ્દ સાથે સંબંધ બતાવનાર રૂપને વિભક્તિ કહેછે,

ગુજરાતી ભાષામાં સાત વિભકિત છે, પણ અંગ્રેજીમાં તો માત્ર ત્રણજ વિભકિત છે (૧) Nominative(નોમીનેટીવ)

પ્રથમા; [૨] Accusative અથવા Objective (એક્યુ-એટીવ અથવા ઓબ્જેક્ટીવ) દ્વિતીઆ; અને (૩)Genitive અથવા Possessive (જેનીટીવ અથવા પઝેસીવ) છઠી.

વાક્યમાં કર્તા વાચક શબ્દ હોય તેની વિભક્તિ (Nominative) પ્રથમા સમજવી. જેમકે:--

He goes to the shop
(હી ગોઝ ટુ ધી શોપ) તે દુકાને જાય છે

આ વાક્યમાં he કર્તા છે, તેથી તેની વિભક્તિNominative પ્રથમા ગણાય છે. ગુજરાતીમાં કર્તા શોધી કાઢવા માટે "કોણ" શબ્દનો ઉપયોગ થાય છે 'તે દુકાને જાયછે' એની ગૂજરાતીમાં વિભક્તિ શોધવા માટે 'કોણ દુકાને જાયછે' 'તે' એટલે 'તે' આ વાક્યમાં કર્તા છે. તેથી તેની વિભક્તિ પ્રથમા થઇ.

અંગ્રેજીમાં પ્રથમા વિભક્તિનો Nominative Absolute (નોમીનેટીવ એબ્સોલ્યુટ) કરીને બીજો પણ પેટાભેદછે તેનું વર્ણન Parsing (પાર્સીંગ) વ્યાકરણ કરવાના વિષયમાં આવશે.

વાકયમાં જે કર્મવાચક શબ્દ હોય તેની વિભક્તિ Accusative અથવા Objective દ્વિતીઆ સમજવી

Navalram reads the book
(નવલરામ રીડસ ધી બુક)
નવલરામ ચોપડી વાંચે છે

આ વાકયમાં Navalram (નવલરામ) કર્તા છે અને book (બુક) કર્મ છે. તેથી બુકની વિભક્તિ દ્વિતીઆ છે

કોઇપણ વાક્યના કર્તા તથા કર્મ તે વાકયના અર્થ ઉપરથી સમજાય છે. કર્મ અને Accusative (એક્યુઝેટીવ) નો

સંબંધ અહીં જે બતાવ્યો તેતો માત્ર કર્મવાચક Accusative તરીકેજ સમજવો. અંગ્રેજી ભાષામાં Accusative બીજા પ્રકારથી પણ વપરાય છે તે સંબંધી વધારે હકીકત આગળ આવશે.

ગૂજરાતીમાં પહેલી વિભક્તિને જેમ પ્રત્યય નથી તેમ અંગ્રેજીમાં પણ નથી. પણ બીજી વિભક્તિને ગુજરાતીમાં પ્રત્યય હોયછે છતાં અંગ્રેજી બીજી વિભક્તિ Accusative ને પ્રત્યય નથી, એટલે કોઇપણ નામના Nominative અને કર્મરૂપી Accusative ના રૂપો સરખાજ છે,

હવે સર્વનામના Accusative નો પ્રકાર સમજીએ. એનો નિયમ પણ નામ પ્રમાણેજ છે. જયાં કર્તા હોય ત્યાં Nominative અને જ્યાં કર્મ હોય ત્યાં Accusative સમજાય છે.

નામ પ્રમાણે કેટલાક સર્વનામના Nominative અને Accusative રૂપો સરખા થાય છે. જેમકે—

She took it.: It is bad
(શી ટુક ઇટ) [ઇટ ઇઝ બેડ]

ઉપરના બે નાના વાકયો છે. પહેલા વાકયમાં it કર્મ છે અને બીજા વાકયમાં it કર્તા છે, તોપણ બેઉ ઠેકાણે it નું રૂપ સરખુંજ છે પણ કેટલાંક સર્વનામના Nominative અને Accusativeના રૂપમાં ફરક પડેછે, જેમકે—

He comes to school	Take him to school
(હી કમ્સ ટુ સ્કૂલ)	(ટેક હીમ ટુ સ્કૂલ)
તે નિશાળે આવે છે	તેને નિશાળે તેડી જાઓ

પહેલા વાકયમાં he કર્તાછે અને બીજા વાકયમાં him કર્મ છે. Heનુ પ્રથમનું રૂપ બદલાઇને him થએલ છે એ

એમાં ફરક છે તે સહજ દેખાઇ આવે છે એ વિષે આપણે બીજા દાખલા આપીએ. જેમકેઃ--

They are clever boys (ધે આર ક્લેવર બોયઝ) તેઓ હુશિઆર છોકરા છે.

Ask them to read (આસ્ક ધેમ ટુ રીડ) તેમને વાંચવા કહો.

આમાંના પહેલા વાકયમાં they કર્તા છે પણ તે બીજા વાક્યમાં કર્મ તરીકે આવતાં તેનું રૂપ બદલાઇ જઇ them થયું.

આવી રીતે કેટલાક સર્વનામ કર્ત્તા કર્મ તરીકે થોડા થોડા ફેરફારથી વપરાય છે.

Accusative વિષેતો આગળ કહ્યું છેકે વાકયમાં જે કર્મ હોય તેની (Accusative) બીજી વિભક્તિ સમજવી. એથી કાંઇ એકલા ક્રિયાપદના કર્મનીજAccusative વિભક્તિ સમજવી નહિ કોઇપણ ક્રિયાવાચકના કર્મની (Accusative) બીજી વિભક્તિ સમજવી. ક્રિયાવાચક નામ, ક્રિયાવાચક વિશેષણ અથવા ક્રિયાવાચક બીજું કાંઇ હોય તોપણ તેના કર્મની (Accusative)બીજી વિભક્તિ સમજવી. જેમકે--

I like your way of doing your lessons
(આઇ લાઇક યોર વે ઓફ ડુઇંગ યોર લેસન્સ)
મને તમારી પાઠ કરવાની રીત ગમે છે

આ વાકયમાં doing (ડુઇંગ) ક્રિયાપદવાચક નામછે, તેનું lesson (લેસન) કર્મ છે. ગુજરાતીમાં પણ એમજ છે 'પાઠ' શબ્દ 'કર' ધાતુનું કર્મ કરેછે. એજ પ્રમાણે અંગ્રેજીમાં પણ છે.

બીજો દાખલો લઇએ.

He comes here to learn Sanskrit.

(હી કમ્સ હીઅર ટુ લર્ન સંસ્કૃત)
તે અહીં સંસ્કૃત શીખવા આવેછે.

આ વાકયમાં sanskrit એ to learn એ ક્રિયાવાચકનું કર્મ છે.

વળી અંગ્રજીમાં Accusative એ શબ્દયોગીઅવ્યયના યોગથી પણ થાય છે જેમકે--

This is a lesson from that book.

(ધીસ ઇઝ આ લેસન ફ્રોમ ધેટ બુક) તે ચોપડીમાંનો આ પાઠ છે.

એમાં from એ શબ્દયોગી અવ્યય છે તેના યોગથી bookની Accusative થઇ છે-

આ સીવાય Accusativeના બીજા પણ પ્રકાર છે

Accusative of time (એકયુઝેટીવ ઓફ ટાઇમ) કાલદર્શક બીજી (વિભક્તિ)

Accusative of place (એકયુઝેટીવ ઓફ પ્લેસ) સ્થળ દર્શક બીજી (વિભકિત)

Accusative of space (એકયુઝેટીવ ઓફ સ્પેસ) પરિમાણુ દર્શક બીજી (વિભકિત)

આ ત્રણ પ્રકાર વિષે Parsing (પાર્સીંગ) પદચ્છેદમાં સમજણ પડશે.

નામની Genitive (જેનીટીવ) અથવા Possessive (પઝેસીવ છઠ્ઠી (વિભક્તિ) કરવાની હોયતો તે નામને (') Apostrophe (એપોસ્ટ્રોફી) લગાડી તેની આગળ s લગાડાય છે. પણ આ 's પ્રત્યય માત્ર પ્રાણીવાચક નામને લાગે છે બીજા નામોને લાગતો નથી. જેમકે man, bird, cow એને man's, bird's, cow's, એવા છઠીના રૂપો થાય છે પણ

table, chair, box, coat એવા પદાર્થોના નામના table's, chair's, box's, coat's એવા રૂપો થતા નથી

પણ કેટલાક કાળદર્શક નામને 's લાગે છે, એટલે ઉપલા નિયમને અપવાદ છે. જેમકે, hour, day, year, એ કાળ વાચક શબ્દોને 's લાગીને hour's, day's, year's થાય છે.

પ્રાણી વાચક નામની છઠ્ઠી વિભક્તિ 's લગાડીને થાય છે અને પદાર્થ દર્શક નામની તે પ્રમાણે થતી નથી તો શું કરવું ? આવો નવા શીખનારના મનમાં સવાલ સહજ ઉત્પન્ન થાય છે, એનો ઉત્તર એટલોજ છે કે, જેમ ગૂજરાતીમાં પ્રત્યય લગાડીને એવા નામની છઠ્ઠી વિભક્તિ થાય છે તેમ અંગ્રેજીમાં મુદલ થતું નથી, ખરૂં જોતાં તો પદાર્થ દર્શકનામની છઠ્ઠી વિભક્તિ કરવા માટે રસ્તોજ નથી ત્યારે જો છઠ્ઠી વિભક્તિ તેને લગાડવી હોય તો શું કરવું ? એવો સવાલ શીખનારને થયા વગર રહેતોજ નથી, જો એવા શબ્દોને છઠ્ઠી વિભક્તિ લગાડવી હોય તો તે શબ્દની આગળ of (ઑફ઼) શબ્દ લગાડાય છે, પણ of શબ્દ યોગી અવ્યય છે તેથી જે નામની પહેલાં તે લગાડાય છે તે તેનો Accusative થાય છે, આવા દાખલામાં માત્ર છઠ્ઠીના અર્થ તરીકે ધારવામાં આવે છે, કાંઈ એથી છઠ્ઠી વિભક્તિ થતી નથી,

આ ઉપરથી એટલુંજ દેખાશે કે અંગ્રેજીમાં પ્રત્યય લાગનારી માત્ર એકજ વિભક્તિ છે, અને તે Genitive છે, તેનો એકજ પ્રત્યય ચોકસ પ્રકારના નામને માત્ર લાગે છે,

બહુવચનના નામને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લગાડવાનો નિયમ ધ્યાનમાં રાખવાનો છે, બહુવચનના નામને છેડે જ્યાં s આવતો ન હોય ત્યાં એકવચન પ્રમાણે s લાગે છે, એ-

ટલે પ્રાણીવાચક અથવા કાળવાચક શબ્દોની છઠ્ઠી વિભક્તિ નો પ્રત્યય એકવચન પ્રમાણેજ છે 's લાગીને થાયછે જેમકે- Men, Children ને 's લાગતાં Men's, Children's થાયછે પણ જે પ્રાણીવાચક અને કાળવાચક નામને છેડે s હોય છે તેને છઠ્ઠી વિભક્તિ લગાડવા માટે 's ન લાગતાંમાત્ર sની પાછળજ ['] એપોસ્ટ્રોફી લાગે છે. જેમકે Boysની છઠ્ઠી વિભક્તિ કરતાં boys' અને Monthsની છઠ્ઠી કરતાં Months' થાયછે. આવી રીતે બધા પ્રાણી અને કાળવાચક નામને થાય છે. માત્ર જે નામનું બહુવચન s લગાડયા વગર જુદી રીતે થતું હોય તો તેજ નામને છઠ્ઠી વિભક્તિ લગાડતાં અપવાદ હોય છે.

સર્વનામની છઠ્ઠી વિભક્તિ 's લાગતાં થતી નથી. તેની છઠ્ઠી વિભક્તિ જુદાજ પ્રકારે થાય છે. કેટલાંક સર્વનામના છઠ્ઠી વિભક્તિના રૂપ થયા પછી તેને s પ્રત્યય લાગે છે એ ખરૂં, પણ તે છઠ્ઠીનો પ્રત્યય નથી એ નક્કી સમજવું. જેમકે his, theirs વગેરે

અંગ્રેજીમાં સર્વનામની વિભક્તિનું પ્રકરણ બહુજ ગુંચવણ ભરેલું છે તેથી તેના થતા બધા રૂપો મોઢે કરવાના છે. આ ગુંચવણ ભરેલા સર્વનામના રૂપો નીચેના કોઠામાં આપેલા છે તે બરાબર ધ્યાનથી મોઢે કરવા

I

	એકવચન	બહુવચન
પ્ર.	I (આઈ)	We (ઉવી),
દ્વિ.	Me (મી)	us (અસ).
છ.	My, mine(માય,માઇન)	Our, ours (અવર,-અવર્સ.)

Thou

*પ્ર.	Thou (ધાઉ)	Ye, you(યી,યુ)
દ્વિ.	Thee (ધી)	you(યુ)
છ.	Thy, thine(ધાઇ,ધાઇન).	your, yours (યોર, યોર્સ)

He

પ્ર.	He (હી)	They (ધે)
દ્વિ.	Him (હીમ)	Them (ધેમ)
છ.	His (હીઝ)	Their, theirs(ધેર્સ)

She

પ્ર.	She (શી)	They (ધે)
દ્વિ.	Her (હર)	Them (ધેમ)
છ.	Her, hers(હર,હર્સ)	their, theirs(ધેર, ધેર્સ)

It

પ્ર.	It (ઇટ)	They (ધે)
દ્વિ.	It (ઇટ)	Them (ધેમ)
છ.	Its (ઇટસ)	Their, theirs (ધેર, ધેર્સ)

Who

પ્ર.	Who (હુ)	Who (હુ)
દ્વિ.	Whom (હુમ)	Whom (હુમ)
છ.	Whose (હુઝ)	Whose (હુઝ)

આ સિવાયના બીજાં સર્વનામની છઠ્ઠી વિભક્તિ કરવી

---

* પ્ર. પ્રથમા. પહેલી વિભક્તિ
દ્વિ. દ્વિતીઆ. બીજી વિભક્તિ
છ. છઠ્ઠી વિભક્તિ

હોય તો તે જુદે રૂપે થતી નથી, ખરૂં જોતાં તો તેમની છઠ્ઠી વિભક્તિ થતીજ નથી. પણ તેમ કરવું પડે તો તેની આગળ of લગાડાય છે. જેમકે–that ને છઠ્ઠીનું રૂપ આપતાં of that, તેમજ all ને છઠ્ઠીનું રૂપ આપતાં of all થાય છે. આ પ્રમાણે બધા સર્વનામ વપરાય છે.

હવે of વિષે એક વાત વધારે ધ્યાનમાં રાખવા જેવી છે. of લગાડયાથી કોઇપણ નામ અથવા સર્વનામને છઠ્ઠી વિભક્તિનું રૂપ આપી શકાય છે. એટલે કોઇપણ પ્રાણીવાચક અથવા કાળવાચક નામને પણ જો 's લગાડવાની મરજી ન હોય તો of વાપરીને છઠ્ઠી વિભક્તિનું કામ ચલાવી લેવાયછે જેમકે--dayની છઠ્ઠી વિભક્તિ day's છે, પણ જો ઓફ of વાપરવું હોય તો of a day (ઓફ આ ડે) થાય તે કાંઇ ખોટું ન કહેવાય. તેજ પ્રમાણે man ને છઠ્ઠી વિભક્તિનું રૂપ આપતાં man's થાયછે પણ of a man કરીને વાપરતાં તે પણ ખરૂંજ છે.

વળી એક બાબત વધારે યાદ રાખવાની છે of એ શબ્દયોગી અવ્યય છે. જ્યારે છઠ્ઠીનું રૂપ આપવા માટે તેનો ઉપયો કરવામાં આવે છે ત્યારે જે શબ્દ સાથે તેનો સંબંધ હોય છે તે પહેલાં આવે છે, જેમકે:—

A day's work (આ ડેઝ વર્ક)=
Tho work of a day (ધી વર્ક ઓફ આ ડે)
A child's head (આ ચાઇલ્ડસ હેડ)=
The head of a child (ધી હેડ ઓફ આ ચાઇલ્ડ)

આ પ્રમાણે બધા નામ તથા સર્વનામની of લગાડીને છઠ્ઠી વિભક્તિ થાય છે.

ઉપર મુજબ પહેલી બીજી અને છઠ્ઠી વિભક્તિ તો આપ

ણુ જોઇ. એ સિવાય બીજી વિભક્તિઓ પણ અંગ્રેજીમાં વપરાય છે.

Dative (ડેટીવ) ચોથી અને Vocative (વોકેટીવ) સંબોધન આ બે વિભકિતઓ અંગ્રેજીમાં વપરાય છે. Dative (ડેટીવ) ચોથી વિભકિત વિષે આગળ Parsing (પાર્સીંગ) પદચ્છેદમાં કહેવામાં આવશે.

Vocative (વોકેટીવ) સંબોધન વિષે આ ઠેકાણે આપણે કાંઇક જાણીએ.

ગૂજરાતી પ્રમાણે સંબોધનનું પણ (પ્રથમા) પહેલી વિભકિત ની પેઠે રૂપ થાય છે. કોઇને ઉદ્દેશીને બોલાવવું હોયતો તે રૂપ સંબોધન તરીકે ગણાય છે, અને તેને અંગ્રેજીમાં Vocative (વોકેટીવ) કહેછે. જેમકે--

My boy, sit here

(માઇ બોય સીટ હીઅર)

એમાં boy એ શબ્દનું સંબોધન છે સંબોધન માટે ગૂજરાતી કરતાં અંગ્રેજીમાં જુદીજ રીતે છે તે બીજા પુરૂષ સર્વનામને લાગે છે. જેમકે--

O thou, hear me

(ઓ ધાઉ, હીઅર મી)

એમાં thou એનું સંબોધન છે

Vocative ને Nominative of Address (નોમીનેટીવ આફ્ એડ્રેસ) સંબોધનાર્થે પ્રથમા એમ પણ કહે છે

ગૂજરાતી વગેરે ભાષાઓમાં સંબોધન સુદ્ધાં આઠ વિભક્તિઓ છે તેમાંથી પહેલી, બીજી, છઠ્ઠી અને સંબોધન એ ચાર વિભકિતઓ અંગ્રેજીમાં ઉપર બતાવી છે. ચોથી વિભક્તિ Dative વિષે Parsingમાં જોઇશું. બાકીની ત્રણ રહી

તેમાંથી Instrumental (ઇન્સ્ટ્રૂમેન્ટલ) ત્રીજી, Ablative (એબ્લેટીવ) પાંચમી, અને Locative (લોકેટીવ) સાતમી એનું રૂપ શબ્દયોગી અવ્યય વાપરીને અંગ્રેજીમાં થાય છે ત્રીજીનું કાર્ય by અથવા withથી થાયછે, પાંચમીનું from થી થાય છે અને સાતમીનું in, into, among એનાથી થાયછે.

Adjective
(એડજેકટીવ)
વિશેષણ

વિશેષણ નામનો, બીજા વિશેષણનો અને ક્રિયાપદનો ગુણ દેખાડે છે.

પદાર્થના ગુણ, ધર્મ, સંખ્યા, માપ, વજન ઇત્યાદી બતાવનાર શબ્દ વિશેષણ કહેવાય છે. જેમકેઃ— good (ગુડ) bad (બેડ), many (મેની), ten (ટેન) two (ટુ)much (મચ), immense (ઇમેન્સ) વગેરે.

વિશેષણના મુખ્ય ત્રણ પ્રકાર છે.

1. Adjective of Quality (એડજેકટીવ ઓફ કવોલીટી) ગુણ વિશેષણ.

2. Adjective of Quantity (એડજેકટીવ ઓફ કવોન્ટીટી) પરિમાણ દર્શક વિશેષણ.

3. Pronominal Adjective (પ્રોનોમીનલ એડજેકટીવ) સર્વનામાત્મક વિશેષણ

પદાર્થના ગુણ, ધર્મ ઇત્યાદિ બતાવનાર Adjective of Quality (**ગુણવિશેષણ**) કહેવાય છે જેમકે— good(ગુડ) bad (બેડ), sweet (સ્વીટ) pale (પેલ) વગેરે.

સંખ્યા વજન, માપ વગેરે દેખાડનાર Adjective of

Quantity (એડજેક્ટીવ ઓફ ક્વોન્ટીટી) કહેવાયછે જેમ કે:—much (મચ), little (લીટલ) two (ટુ) many (મેની), વગેરે

Adjective of Quantity માં Numeral Adjective (ન્યુમરલ એડજેકટીવ) સંખ્યાવાચક વિશેષણ નામે એક ભેદ છે, તેના વળી ત્રણ પેટા ભેદ છે.

1. Definite Numeral Adjective (ડેફીનીટ ન્યુમરલ એડજેકટીવ) નિયમિત સંખ્યાવાચક વિશેષણ.

2. Indefinite Numeral Adjective (ઇન્ડેફીનીટ ન્યુમરલ એડજેકટીવ) અનિયમિત સંખ્યા વાચક વિશેષણ.

3. Distributive Adjective (ડીસ્ટ્રીબ્યુટીવ એડજેકટીવ) વિભાગ દર્શક વિશેષણ.

હવે પહેલાં આ ત્રણે પેટા ભેદના દાખલા લઇએ,

Definite Numeral Adjective (ડેફીનીટ ન્યુમરલ એડજેકટીવ)=one (વન) two (ટુ)third (થર્ડ) eighth (એઇટથ), single (સીંગલ) double(ડબલ)વગેરે

Indefinite Numeral Adjective (ઇન્ડેફીનીટ ન્યુમરલ એડજેકટીવ)= many (મેની), any (એની) all (ઓલ), some (સમ), several (સેવરલ), few (ફ્યુ)no (નો), none(નન) વગેરે

Distributive Adjective (ડીસ્ટ્રીબ્યુટીવ એડજેકટીવ)=each (ઇચ), every (એવરી), either (આઇધર) neither (નાઇધર).

સર્વનામની આગળ જો નામ આવે તો તે સર્વનામનું Pronomial Adjective (પ્રોનોમીનલ એડજેકટીવ) સર્વનામાત્મક વિશેષણ થાય છે. જેમકે:—this boy (ધીસ

બોય), such men (સચ મેન) which boy? (વ્હીચ બોય)? આ વાક્યોમાં this, such, which એ Pronominal Adjectives છે એ તુરત જણાઇ આવશે.

વળી Pronominal Adjectiveના ચાર પેટા ભેદ છે

1. Demonstrative Pronominal Adjective(ડેમોન્સ્ટ્રેટીવ પ્રોનોમીનલ એડજેકટીવ)દર્શક સર્વનામાત્મક વિશેષણ

2. Possessive Pronominal Adjective (પસેસીવ પ્રોનોમીનલ એડજેકટીવ) પષ્ટી સંબંધવાચક સર્વનામાત્મક વિશેષણ.

3. Relative Pronominal Adjective સંબંધી સર્વનામાત્મક વિશેષણ. અને

4. Interrogative Pronominal Adjective – (ઇંટરોગેટીવ પ્રોનોમીનલ એડજેકટીવ) પ્રશ્નાર્થક સર્વનામાત્મક વિશેષણ. એના દાખલા

1. Demonstrative Pronominal Adjective– that boy, (ધેટ બોય), these slates (ધીઝ સ્લેટસ), yonder thorn (યોન્ડર થોર્ન) વગેરે.

2. Possessive Pronominal Adjective:—
my stick (માઇ સ્ટીક), *their* house (ધેર હાઉસ), *her* child (હર ચાઇલ્ડ). વગેરે.

3. Relative Pronominal Adjective (રેલેટીવ પ્રોનોમીનલ એડજેકટીવ)––I admire your kindness, *which* kindness is really great (આઇ એડમાયર યોર કાઇન્ડનેસ, વ્હીચ કાઇન્ડનેસ ઇઝ રીઅલી ગ્રેટ)

4. Interrogative Pronominal Adjective (ઇન્ટરોગેટીવ પ્રોનોમીનલ એડજેકટીવ) *Which* pen do

you like? (વ્હીચ પેન ડુ યુ લાઇક?) *What* school do you attend? (વ્હોટ સ્કુલ ડુ યુ એટેન્ડ?) *What* book is this? (વ્હોટ બુક ઇઝ ધીસ?) વગેરે.

ઉપર આપેલા દાખલાઓમાં that, these yonder; my, their, her; which; which, what; એ શબ્દો એના દાખલા છે.

વળી ક્રિયાપદના બે પ્રકારના વિશેષણ થાયછે

1. Imperfect Participle Adjective (ઇમપરફેકટ પાર્ટીસીપ્લ એડજેકટીવ) વર્તમાન કાળવાચક ક્રિયાદર્શક વિશેષણ અને 2. Perfect Participle Adjective (પરફેકટ પાર્ટીસીપ્લ એડજેકટીવ) ભૂતકાળવાચક ક્રિયાદર્શક વિશેષણ.

ક્રિયાપદના ધાતુને ing પ્રત્યય લગાડી તેનો વિશેષણ જેવો ઉપયોગ થાય ત્યારે તેને Imperfect Participle Adjective કહેછે. જેમકે:—running stream (રનીંગ સ્ટ્રીમ) વહેતો ઝરો. એ વાકયમાં running શબ્દ stream નું Imperfect Participle Adjectiveછે. તેવીજ રીતે થયલું, ગયલું, કરેલું એવા ભૂતકાળના જેવા ક્રિયાપદના ધાતુનો ઉપયોગ થાયછેત્યારે તેને Perfect Participle Adjective કહેછે. જેમકે:—broken umbrella (બ્રોકન અમબ્રેલા) ભાંગેલી છત્રી, એમાં broken શબ્દ umbrellaનું Perfect Participle Adjective છે.

કોઇ કોઈ વખત નામનો પણ વિશેષણના જેવો ઉપયોગ થાય છે. જેમકે:—gold ring (ગોલ્ડ રીંગ) સોનાની વીંટી. (આ વાકયમાં gold (ગોલ્ડ) શબ્દ આ ઠેકાણે વિશેષણ છે) બીજા પણ એવા જોઈએ તેટલા દાખલા મળશે. જેમકે:—family man (ફેમીલી મેન), kitchen room (કીચન રૂમ) વગેરે.

તેજ પ્રમાણે નામને ly પ્રત્યય લાગીને પણ કોઇ કો ઇ વખત વિશેષણ થાય છે. જેમકે father, mother, world એ શબ્દો છે તેઓ ly લગાડીને પણ fatherly, motherly, worldly થતાં વિશેષણ તરીકે વપરાયછે.

Yours is fatherly affection

(યોર્સ ઇઝ ફાધર્લી એફેક્શન).

This is called worldly wisdom

(ધીસ ઇઝ કોલ્ડ વર્ડ્લી ઉવીઝડમ).

વળી ગૂજરાતીમાં જેમ જાતિ તથા વચનથી વિશેષણ માં ફેરફાર થાય છે તેમ અંગ્રેજીમાં ફેરફાર થતો નથી. જેમકે:—

એકવચન	બહુવચન
જુનો દગલો	જુના દગલાઓ.
Old coat	Old coats.

એકવચનમાં ગૂજરાતીમાં જેમ જુનો દગલો અને બહુવચનમાં જુના દગલાઓ થયા તેમ અંગ્રેજીમાં ન થતાં તેમાં તો બેઉવચનમાં old રહેછે.

વળી વિશેષણને અંગ્રેજીમાં degree (ડીગ્રી) રૂપ લાગે છે. ડીગ્રી ત્રણ છે.

1. Positive Degree (પોઝીટીવ ડીગ્રી) અન્યોઅન્ય પેક્ષક રૂપ. (એ વિશેષણનું મૂળ રૂપ.)

2. Comparative Degree(કોમ્પેરેટીવ ડીગ્રી) અન્ય સાપેક્ષ રૂપ. (એટલે એક પ્રકારની બે વસ્તુઓમાંની અથવા એકજ પ્રકારની વધારે વસ્તુઓમાંના બે જુદા જુદા સમુદાયો માંથી એક બીજા કરતાં વધારે અથવા ઓછું બતાવેછે તે.)

3. Superlative Degree (સુપરલેટીવ ડીગ્રી) સર્વ સાપેક્ષરૂપ. (એટલે એકજ પ્રકારની અનેક વસ્તુઓમાંથી અ

થવા એકજ પ્રકારની અનેક વસ્તુઓના સમુદાયમાંથી એકનું બાકીના કરતાં વધારે અથવા ઓછાપણું. તેના દાખલાઃ-

1. Positive Degree-This box is small(ધીસ બોકસ ઇઝ સ્મોલ) આ પેટી નાની છે.

2. Comparative Degree-This box is smaller than that (box). (ધીસ બોકસ ઇઝ સ્મોલર ધેન ધેટ) (બોકસ) આ પેટી કરતાં પેલી (પેટી) નાની છે.

3. Superlative Degree—This box is the smallest of all (boxes.) (ધીસ બોકસ ઇઝ ધી સ્મોલેસ્ટ ઓફ ઓલ (બોકસીઝ) આ પેટી બધી (પેટીઓ કરતાં વધારે નાની છે.

ઉપરના ત્રણે દાખલામાં પહેલા દાખલામાં મૂળરૂપ કાયમ છે. તેમાં કાંઇ ફેરફાર થયો નથી તેથી તેની Positive Degree છે.

બીજા દાખલામાં smaller છે એટલે તે 'આ પેટી કરતાં પેલી પેટી વધારે નાની છે' એટલે એક વસ્તુ બીજી વસ્તુથી વધારે નાની છે એમ બતાવેલ છે તેથ તેComparative Degree છે.

ત્રીજા દાખલામાં smallest અથવા સૌથી વધારે નાનું એવો ભાવ છે. તેમાં બધા કરતાં વધારે નાનાપણું બતાવેલ છે. તેથી તે Superlative Degree છે.

જેવી રીતે ઉપર આપેલો દાખલો નાની, વધારે નાની અને સૌથી નાની ચીજનો આપ્યો છે તેવીજ રીતે મોટી, વધારે મોટી, અને સૌથી મોટીનો દાખલો આપીએ.

1. Positive Degree-This thing is great (ધીસ થીંગ ઇઝ ગ્રેટ) આ વસ્તુ મોટી છે. (એમાં કાંઇ ફેરફાર

થયો નથી.)

2. Comparative Degree This thing is greater than that (thing) (ધીસ થીંગ ઇઝ ગ્રેટર ધેન ધેટ) (થીંગ) આ વસ્તુ પેલી (વસ્તુ) કરતાં વધારે મોટી છે.(એમાં વધારે મોટી થતાં તે Comparative Degree થાયછે.)

3. Superlative Degree–This thing is the greatest of all (things.) આ વસ્તુ બધી(વસ્તુઓ) કરતાં (સૌથી) વધારે મોટી છે. (એમાં બીજા કરતાં મોટી છે તેથી તે Superlative Degree છે.)

ગૂજરાતીમાં આ પ્રમાણે વિશેષણનાં રૂપ બદલાતાં તેના રૂપ બતાવવા માટે પ્રત્યયો નથી પણ સંસ્કૃતમાં પ્રત્યયો છે. સંસ્કૃત શબ્દ દૃઢ(મજબુત)એ વિશેષણ છે, તેને 'તર' પ્રત્યય લાગતાં 'દૃઢતર' (વધારે મજબૂત) થાય છે, તેમજ 'તમ' પ્રત્યય લાગતાં 'દૃઢતમ' (સૌથી મજબુત) થાય છે.

વિશેષણના એક સીલેબ્લ (syllable)ના અથવા કદાચ બે સીલેબ્લ્સના શબ્દને er અને est પ્રત્યય લાગી તેની Comparative અને Superlative Degreeથાયછે.

P. Degree.	C. Degree.	S. Degree.
Small	smaller	smallest
(સ્મોલ)	(સ્મોલર)	(સ્મોલેસ્ટ)
નાનું	વધારે નાનું	સૌથી નાનું.
Clever	cleverer	cleverest
(ક્લેવર)	(ક્લેવરર)	(ક્લેવરેસ્ટ)
હુશિયાર.	વધારે હુશિયાર.	સૌથી હુશિયાર.
Dear	Dearer	Dearest
(ડીઅર)	(ડીઅરર)	(ડીઅરેસ્ટ)
વહાલું	વધારે વહાલું	સૌથી વહાલું

જે વિશેષણને છેડે e હોય છે તેને er અને est પ્રત્યય લાગતાં તેમાંનો e ઉડી જતાં માત્ર r તથા st લાગે છે, જેમકે:—

Large,	Larger,	Largest.
Able	Abler	Ablest

જે વિશેષણને છેડે y હોય તેને er અને est પ્રત્યય લાગતાં yનો i થાય છે.

Happy	Happier	Happiest
Lofty	Loftier	Loftiest

બે અથવા વધારે syllables (સીલેબલ્સ)ના વિશેષણને Comparative અને Superlative Degree લગાડવા માટે more અને most શબ્દનો ઉપયોગ થાયછે જેમકે:-

P. Degree	C. Degree.	S. Degree
Beautiful	more beautiful	most beautiful
(બ્યુટીફુલ)	(મોર બ્યુટીફુલ)	(મોસ્ટ બ્યુટીફુલ)
સુંદર	વધારે સુંદર	સૌથી સુંદર
Famous	more famous	most famous
(ફેમસ)	(મોર ફેમસ)	(મોસ્ટ ફેમસ)
પ્રખ્યાત.	વધારે પ્રખ્યાત.	સૌથી પ્રખ્યાત.

કેટલાક વિશેષણની Comparative અને Superlative Degree ઉપર બતાવેલા પ્રકારથી જુદેજ પ્રકારે થાય છે. તેનો કોઠો નીચે બતાવેલ છે

P. Degree.	C. Degree.	S. Degree.
Good,	better,	best

Bad / Evil / Ill	worse,	worst
Little	less	least
Many / Much	more	most
Near	nearer	next અથવા nearest
Late	later અથવા latter	last અથવા latest
Old	older અથવા elder	oldest અથવા eldest
Fore	former	formost અથવા first
Far	farther	farthest

જે વિશેષણની Comparative Degree હોય તે શબ્દની આગળ અને જેની સાથે તેની તુલના કરેલી હોય તે વસ્તુના વાચક શબ્દની પછી than (કરતાં) એ શબ્દ આવે છે. Than શબ્દ, ગૂજરાતી શબ્દ "કરતાં" ની પેઠે શબ્દ યોગી અવ્યય નથી, પણ ઉભયાન્વી અવ્યયછે તેથી તેના આગળના શબ્દની Accusative થતી નથી, પણ Nominative હોયછે. એવા વાકયમાં કર્તા હોય છે પણ તેના ક્રિયાપદ અધ્યાહાર હોય છે. જેમકેઃ—

I am taller than he (is).

(આઇ એમ ટોલર ધેન હી (ઇઝ).

હું તેના કરતાં વધારે ઉંચો છું.

એમાં he એની Nominative હોઇને (is) ક્રિયાપદ જે અધ્યાહાર છે તેનો કર્ત્તા છે.

The man was wiser than his friend (was)
(ધી મેન ઉવોઝ વાઇઝર ધેન હીઝ ફ્રેંડ (ઉવોઝ)
તે માણસ પોતાના મિત્ર કરતાં વધારે ડાહ્યો હતો.
Truly he suffers more than I (do=suffer)
(ટ્રૂલી હી સફર્સ મોર ધેન આઇ (ડુ=સફર).
ખરેખર મારા કરતાં તે વધારે ખમે છે.

Superlative Degree ના વિશેષણની આગળ the આવેછે અને જે વસ્તુની સાથે તેની તુલના કરેલી હોય છે તે શબ્દની આગળ of આવેછે. જેમકેઃ—

He was the greatest of the orators.
(હી ઉવોઝ ધી ગ્રેટેસ્ટ ઓફ્ ધી ઓરેટર્સ.)
તે સૌથી મોટો ભાષણ કરતા હતો.

You are the kindest of all my friends.
(યુ આર ધી કાઇન્ડેસ્ટ ઓફ્ ઓલ માઇ ફ્રેન્ડસ.)
મારા બધા મિત્રોમાં તમે સૌથી વધારે માયાળુ છો.

હવે ઉપર આપેલા વિશેષણના બધા પ્રકારના થોડાક દાખલા આપીએ.

Some boys were good, other better, and the remaining best. (સમ બોયઝ ઉવર ગુડ.અધર બેટર,એંડ ધી રીમેંનીંગ બેસ્ટ) કેટલાક છોકરાઓ ભલા હતા, બીજા વધારે ભલા હતા, અને બાકીના સૌથી ભલા હતા.

Some times bad men are happier than good ones (સમ ટાઇમ્સ બેડ મેન આર હેપીઅર ધેન ગુડ વન્સ) કેટલીક વખત ભુંડા માણસો ભલા માણસો કરતાં વધારે સુખી હોય છે.

I saw three girls going to school.

(આઇ સો ધી ગર્લ્સ ગોઈંગ ટુ સ્કૂલ) ત્રણ છોડીઓને નિશાળે જતાં મેં જોઇ.
This is a princely gift (ધીસ ઇઝ આ પ્રીન્સલી ગીફ્ટ) આ રાજવંશી ભેટ છે,
Most people suffer on account of their lazy habits (મોસ્ટ પીપ્લ સફ્રર ઓન એકાઉન્ટ ઓફ ધેર લેઝી હેબીટસ) ઘણા લોકોને તેમની આળસુ ટેવોથી ખમવું પડે છે.
Give me your silver chain (ગીવ મી યોર સીલ્વર ચેન) મને તમારો રૂપાનો છેડો આપો.
This is a book written by the same good author (ધીસ ઇઝ આ બુક રીટન બાઇ ધી સેમ ગુડ ઓથર) આ ચોપડી તેજ સારા ગ્રંથકારની લખેલી છે.
Every one of them came at the proper time (એવરી વન ઓફ ધેમ કેમ એટ ધી પ્રોપર ટાઇમ) દરેક જણુ બરાબર વખતે આવ્યા.
Give me some more rice (ગીવ મી સમ મોર રાઇસ) મને થોડા વધારે ચોખા આપો.
Which boy is the cleverest of all ? (ઉવીચ બોય ઇઝ ધી કલેવરેસ્ટ ઓફ ઓલ)? બધા છોકરાઓમાં કયો છોકરો સૌથી વધારે હુશિયાર છે?

ઉપર જ્યાં Positive, Comparative અને Superlative Degreeના દાખલા આપેલા છે ત્યાં મથાળે P. Degree, C. Degree અને S. Degree એ પ્રમાણે આપેલ છે તેની સમજણ P. Degreeએટલે Positive Degree, C. DegreeએટલેComparative Degree, અને S. Degree એટલે Superlative Degreeસમજવી.

ARTICLES

(આર્ટીકલ્સ.)

પ્રત્યય.

A, An, અને The એને (Articles) આર્ટીકલ્સ કહે છે. Article સામાન્ય નામની આગળ આવે છે. વિશેષ નામ, ભાવવાચક નામ, અને પદાર્થવાચક નામને Article લગાડાય નહિ.

કોઇપણ એકવચની સામાન્ય નામની આગળ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય હોય, અથવા છઠ્ઠીના રૂપમાં હોય, દર્શક સર્વનામ હોય અથવા સામાન્ય સર્વનામ હોય તો તેવા સામાન્ય નામને પ્રત્યય લાગતો નથી. જેમકે:—

My slate.	Any boy.
That man.	Hen's egg.

ઉપર આપેલા ચાર દાખલામાં છઠ્ઠીના પ્રત્યય અથવા રૂપ, અથવા સામાન્ય કે દર્શક સર્વનામ એમાંનું એક એક દરેક સામાન્ય નામની આગળ છે. જો તે ન હોય તો દરેક નામને એકાદ (Article) આર્ટીકલ લાગે છે.

An egg અથવા the egg.

A book અથવા the book.

A man અથવા the man.

A boy અથવા the boy.

આર્ટીકલના બે પ્રકાર છે. એક તો Indefinite (ઇન્ડેફીનીટ) અનિયમીત (A અને An) અને બીજો Definite (ડેફીનીટ) નિયમીત (The). A અને An માત્ર એકવચનના નામને લાગે છે. The એકવચન તથા બહુવચન બેઉને લાગે છે.

કોઈપણ એકાદ વસ્તુ વિષે બોલતાં તે અમુક એમ દેખાડવી ન હોય તો તેવી વસ્તુના નામને Indefinite આર્ટીકલ લાગે છે. કોઈ અમુક વસ્તુ વિષે બોલતાં તેને Definite આર્ટીકલ લાગે છે. જેમકેઃ—

A man.	An ox.
The man	The ox.

A man, an ox એટલે કોઇપણ માણસ, કોઇપણ બળદ. અમુક માણસ અથવા અમુક બળદ એમ એનો અર્થ નીકળતો નથી. એકાદ કોઇ માણસ અથવા એકાદ કોઇ બળદ એમ સમજવાનું છે. અને તેથી તેને A man, an ox એમ Indefinite Article લગાડેલ છે. પણ જો અમુકજ માણસ અથવા અમુક બળદ એમ હોય તો The man, the ox એમ the પ્રત્યય લાગે છે. તેથી કોઇ ચોકસ માણસ અથવા ચોકસ બળદ વિષે બોલીએ છીએ એમ જણાય.

એકવચનના નામને the પ્રત્યય લાગતાં કોઇ કોઇ વખત એકજ વસ્તુ ન દેખાડતાં વસ્તુ અથવા પ્રાણીની બધી જાત પણ બતાવાય છે. જેમકેઃ—the ox (ધી ઓકસ) એટલે બળદ નામનું પ્રાણી, એટલે બળદની બધી જાત, એમ પણ થાય છે. આ નિયમમાં man (મેન) પુરૂષ, અને woman (ઉવુમન) સ્ત્રી, એ અપવાદ છે એટલે the man અને the woman એમ આવતાં પુરૂષની જાત અથવા સ્ત્રીજાત એમ થતું નથી.

હવે Indefinite Article (ઇન્ડેફીનીટ આર્ટીકલ) A અને An એનો ઉપયોગ કેવી રીતે કરવો તેતો આગળ જોઇ ગયા છીએ પણ હવે તેનો ઉપયોગ કયાં થાય, A કયાં લગાડવો અને An કયાં લગાડવો તે વિષે જોઇએ. જે શબ્દની શરૂઆતમાં સ્વર હોય અથવા h થી શબ્દ આરંભાતો હોય

પણ hનો ઉચ્ચાર ન થતો હોય (જેમકે hour અવર) તો તેવા શબ્દને પ્રત્યય તરીકે An લાગે છે. એ સિવાય બીજા કોઇ પણ વ્યંજનથી શરૂ થતા શબ્દને A પ્રત્યય લાગે છે. તેના થોડાક દાખલા આપીએ.

An egg.	An island	An hour.
(એન એગ)	(એન આયલેંડ)	(એન અવર)
ઇંડું.	ટાપુ.	કલાક.
An umbrella.	An ox.	An act,
(એન અંબ્રેલા)	(એન ઓક્સ)	(એન એક્ટ)
છત્રી.	બળદ.	કામ.
A woman	A year	A book.
(આ ઉવુમન)	(આ ઇઅર)	(આ બુક)
સ્ત્રી.	વરસ.	ચોપડી.
A dog	An ass	An elephant.
(આ ડોગ)	(એન આસ)	(એન એલીફંટ)
કૂતરો.	ગધેડો.	હાથી.

હવે એ પ્રત્યય વિષે એક બીજો નિયમ યાદ રાખવાનો છે કે, સામાન્ય નામની શરૂઆતમાં સ્વર હોય પણ તેનો શરૂઆતનો ઉચ્ચાર 'યુ' અથવા 'વ' જેવો થતો હોય તો તેવા નામને An ન લાગતાં માત્ર A લાગે છે. જેમકે:—

A university.	A unit
(આ યુનીવરસીટી).	(આ યુનીટ)
વિદ્યાલય.	એક.
A European.	A one pound tea.
(આ યુરોપીઅન)	(આ વન પાઉન્ડ ટી)
યુરોપનો રહેવાશી.	એક રતલ ચા.

જો નામની પહેલાં વિશેષણ હોય તો Article વિ-

શેષણની આગળ લાગે છે. તેમજ જો વિશેષણની પહેલાં ક્રિયાવિશેષણ હોય તો Article તે ક્રિયાવિશેષણને લાગેછે.

તેમાં એક વાત એટલીજ વધારે યાદ રાખવાની એ છે કે, Article (પ્રત્યય) વિશેષણ અથવા ક્રિયાવિશેષણની શરૂઆતમાં જે અક્ષર હોય તેને અનુસરીને લાગેછે, તેવે વખતે નામના પ્રથમાક્ષરને જોવાની જરૂર રહેતી નથી. વિશેષણ અથવા ક્રિયાવિશેષણનો પ્રથમનો અક્ષર વ્યંજન હોય અને નામનો પહેલો અક્ષર સ્વર હોય તો તેને નામના અક્ષર પ્રમાણે નહીં પણ વિશેષણ અથવા ક્રિયાવિશેષણના અક્ષર પ્રમાણે પ્રત્યય (Article) લાગે છે. જેમકે:-

A bad act (આ બેડ એક્ટ)

ખરાબ કામ.

અહીં bad વિશેષણ છે, તેનો પહેલો અક્ષર વ્યંજન છે અને act નામ છે તેનો પહેલો અક્ષર સ્વર છે છતાં વિશેષણના પહેલા અક્ષર પ્રમાણે a પ્રત્યય લાગે છે. વળી---

An old man.

(એન ઓલ્ડ મેન)

વૃદ્ધ માણસ.

આ ઠેકાણે old વિશેષણનો પહેલો અક્ષર સ્વર છે તેથી તેને an લાગેછે. તેજ પ્રમાણે:--

A very good inkstand.

(આ વેરી ગુડ ઈંકસ્ટેન્ડ)

એક બહુ સારો ખડીઓ.

An extremly sad event.

(એન એકસ્ટ્રીમલી સેડ ઇવેન્ટ)

એક અતિશય દુઃખદાયક બનાવ.

ઉપરના બે વાક્યોમાં પહેલાના very શબ્દનો શરૂઆતનો અક્ષર v છે, તે વ્યંજન છે તેથી તેને a પ્રત્યય લાગેછે. બીજા વાક્યની શરૂઆતનો અક્ષર e છે તે સ્વર છે તેથી તેને an પ્રત્યય લાગ્યો. સારાંશ એજ કે, નામ માટે Indefinite Article (ઇન્ડેફીનીટ આર્ટીકલ) આવે તો તેની આગળનો વિશેષણ અથવા ક્રિયાવિશેષણ હોયતો તેના શરૂઆતના અક્ષર પ્રમાણે તેને લાગે છે.

ભાવવાચક નામ તથા **પદાર્થ વાચક** નામને Article લાગે નહિ એમ કહ્યું છે છતાં ભૂગોળવિદ્યાના કેટલાક વિશેષ નામ એટલે કે નદી, પર્વત, અખાત, સમુદ્ર, મહાસાગર અને દેશના સંસ્થાનના સમૂહને the આર્ટીકલ લાગેછે. જેમકે:—

The Ganges (ધી ગેન્જીસ) ગંગા નદી.

The Himalayas(ધી હીમાલયાસ) હિમાલય પર્વત.

The Persian Gulf (ધી પરસીઅન ગલ્ફ) ઇરાની અખાત.

The Arabian sea (ધી અરેબીઅન સી) આરબી સમુદ્ર.

The Indian Ocean (ધી ઇંડીઅન ઓશન) હિંદી મહાસાગર.

The Andaman Islands (ધી એન્ડેમેન આયલેંડસ) આંડામાનના ટાપુઓ.

The United States (ધી યુનાઇટેડ સ્ટેટસ) યુનાઇટેડ સ્ટેટસ.

The Central Provinces (ધી સેન્ટ્રલ પ્રોવીન્સીસ) મધ્ય પ્રાંતો.

વગેરે નામોને the પ્રત્યય લાગે છે.

પણ દેશ, ખંડના નામ, શહેરના નામ, ગામના નામ,

એકાજ બેટ, અથવા પર્વત હોય, તેમજ ભુશીર વગેરેને કોઇ પણ પ્રત્યય (Article) લાગે નહિ. જેમકે:--

India (ઈંડીઆ) હિંદુસ્થાન.
Asia (એશિયા) એશિયા ખંડ.
Europe (યુરોપ) યુરોપખંડ.
Abu (આબુ) આબુ પર્વત.
Cape Comorin (કેપ કોમોરીન) કેપ કોમોરીન (કોમોરીનની ભુશીર.)
Poona (પુના) પુના શહેર.
Ahmedabad (અમદાવાદ) અમદાવાદ શહેર
Sanand (સાણંદ) સાણંદ નામનું ગામ વગેરે.

Article (આર્ટીકલ) વિષે પહેલા ભાગમાં આવી ગયું છે છતાં તે વિષે વધારે વીગતવાર દાખલા સહિત સમજણ આપવાને તથા આ વ્યાકરણનો વિષય લીધો છે તેથી તેની અંદર તેને દાખલ કરવા માટે અહીં લંબાણથી સમજ આપીછે કારણકે કોઇપણ ભાષા શીખવા માટે તેની બરાબર માહીતી તેની અંદરની દરેક બાબત બરાબર પૂર્ણ રીતે જાણવાથી વધારે સહેલી થઇ પડે છે. Article પ્રત્યયની બાબત પણ બહુજ જાણવા જેવી છે અને તેથી તે જેમ લંબાણથી ખુલાસા પૂર્વક સમજાય તેમ વધારે સારૂં જાણી અહીં તે આપેલછે.

હવે ભાષા શીખવામાં મુખ્ય ઉપયોગની ચીજ જે ક્રિયાપદ તે શીખીએ. દરેક નાના અથવા મોટા વાકયમાં ક્રિયાપદનું તો જરૂર કામ પડેછે તેથી તેને માટે જેટલું લંબાણથી બોલીએ તેટલું થોડું છે.

THE VERB.

(ધી વર્બ.)

ક્રિયાપદ.

ક્રિયાપદ એટલે કોઇની પણ પૂર્ણ કૃતિ અથવા સ્થિતિ બતાવનાર શબ્દ. જેમકે:—is, does, wrote, went, was વગેરે ક્રિયાપદ છે.

ક્રિયાપદના બે પ્રકાર છે.

1. Transitive (ટ્રાન્ઝીટીવ) સકર્મક.
2. Intransitive (ઇન્ટ્રાન્ઝીટીવ) અકર્મક.

Transitive એટલે સકર્મક ક્રિયાપદને કર્તા તથા કર્મ બેઉ હોય છે.

He killed a tiger,
(હી કીલ્ડ આ ટાઇગર).
તેણે એક વાઘ માર્યો.

એ વાકયમાં he છે તે killed ક્રિયાપદનો કર્તા તથા tiger છે તે કર્મ છે. જો આ વાકયમાં કર્મ tiger ન હોય તો તે killedનો અર્થ પૂર્ણ ન થાય. Who killed the tiger? he killed the tiger (હુ કીલ્ડ ધી ટાઇગર? હી કીલ્ડ ધી ટાઇગર.) એમ પ્રશ્ન પુછતાં કર્તા દેખાય છે What he killed? tiger (વૉટ હી કીલ્ડ? ટાઇગર) એવો જવાબ મળેછે તેથી તે કર્મ છે. ગૂજરાતીમાં પણ એ રીતે કર્તા કર્મ શોધવા માટે 'કોણ' અને 'શું' શબ્દ વપરાય છે. જેમકે:—

તેણે વાઘ માર્યો. કોણે વાઘ માર્યો? તેણે માર્યો. તેથી તેણે કર્તા છે. શું માર્યો? વાઘ માર્યો, તેથી વાઘ કર્મ છે.

ઉપર મુજબ ક્રિયાપદના કર્તા તથા કર્મ બેઉ છે એટલે તે **સકર્મક** ક્રિયાપદ છે.

જે ક્રિયાપદને કર્મ ન હોય તે **અકર્મક** ક્રિયાપદ કહે વાય છે. અંગ્રેજીમાં તેને Intransitive (ઇન્ટ્રાન્ઝીટીવ)કહેછે.

The Sun shines

(ધી સન શાઇનસ) સૂર્ય પ્રકાશે છે.

Rain falls (રેન ફોલ્સ)

વરસાદ વરસે છે.

ઉપલા બે વાક્યમાં shines અને fallsને કર્મ નથી તેથી તે Intransitive Verb(ઇન્ટ્રાન્ઝીટીવ વર્બ) **અકર્મક** ક્રિયાપદ કહેવાય છે.

અહીં પણ ઉપરની રીત પ્રમાણે 'કોણ' અને 'શું'નો ઉપયોગ કરવો. કોણ પ્રકાશે છે? સૂર્ય પ્રકાશે છે. શું પ્રકાશે છે? સૂર્ય. બેઉનો એકજ જવાબ છે તેથી તેને કર્મ નથી એમ દેખાય છે. ગૂજરાતીની પેઠે અંગ્રેજીમાં પણ who અને what શબ્દનો ઉપયોગ કરવો તેથી તુરત કર્તા કર્મ દેખાઇ આવે છે

અંગ્રેજીમાં ઘણા ક્રિયાપદ **સકર્મક** તથા **અકર્મક** એ બેઉ જાતના હોય છે. કયે ઠેકાણે તે સકર્મક તથા કયે ઠેકાણે અકર્મક તરીકે વપરાય છે તેતો તેના **થતા અર્થ** ઉપરથીજ જણાય જેમકે:—

He spoke in the meeting

(હી સ્પોક ઇન ધી મીટીંગ)

તે સભામાં બોલ્યો

એમાં spoke (બોલ્યો) એ અહીં અકર્મક ક્રિયાપદ છે જો તે અહીં **સકર્મક** ક્રિયાપદ હોતતો તેનો કર્મ અહીં હોત '**તે સભામાં બોલ્યો**' એટલા ઉપરથી તેનો કર્મ નથી એમ

સમજાયું. હવે તે જો **સકર્મક** હોય તો કેવી રીતે આવે તે જોઇએ જેમકે:—

He spoke the truth.

(હી સ્પોક ધી ટ્રુથ.)

તે સાચું બોલ્યો.

આ વાક્યમાં spoke (બોલ્યો) તેનો કર્મ છે. He કર્તા અને truth કર્મ છે. તેથી spoke આ ઠેકાણે **સકર્મક** ક્રિયાપદ છે.

વળી કેટલાક ક્રિયાપદો અકર્મક હોવા છતાં તેની આગળ કોઇ શબ્દયોગી અવ્યય આવતાં તે **સકર્મક** થાય છે. જેમકે:— look (લુક) જોવું, એ હમેશ અકર્મક ક્રિયાપદ છે, પણ તેની આગળ જો at, for વગેરે શબ્દયોગી અવ્યય આવતાં તે **સકર્મક** ક્રિયાપદ થાય છે. જેમકે:—

Look at me (લુક એટ મી.)

મારી તરફ જુઓ.

આ વાક્યમાં look at એ બેઉ શબ્દ એકઠા કરી તેને એકજ ગણવામાં આવે છે, અને તેથી તેને સકર્મક તરીકે વાપરે છે. તેમજ—

She was looking for her children.

(શી ઉવોઝ લુકીંગ ફોર હર ચીલ્ડ્રન.)

તે પોતાના છોકરાંઓની રાહ જોતી હતી.

આ વાક્યમાં was looking for એ ત્રણ શબ્દને એક ક્રિયાપદ તરીકે ગણેલ છે. અને તેથી childorn કર્મ તરીકે છે.

અંગ્રેજીમાં કર્તાને Subject (સબજેક્ટ) અને કર્મને Object (ઓબજેક્ટ) કહે છે.

વળી કેટલાક ક્રિયાપદ અકર્મક છતાં તેની આગળ જો

ક્રિયાના નામ આવેલા હોય તો પણ તેને તેના કર્મ માનવામાં આવે છે. એવા કર્મને Cognate Object (કોગનેટ ઓબ્જેક્ટ) ક્રિયા અર્થે કર્મ કહે છે. જેમકે:—

He ran a nice race. (હી રેન આ નાઇસ રેસ.) તે સારી સરત દોડયો. (અર્થાત તેણે સારી સરત મારી.) તેમજ

I slept a sound sleep.

(આઇ સ્લેપ્ટ આ સાઉન્ડ સ્લીપ.)

મેં સારી ઉંઘ લીધી.

ઉપરના બે વાક્યોમાં પહેલામાં race અને બીજામાં sleep એ બેઉ Cognate Object છે.

વળી, કેટલાક સકર્મક ક્રિયાપદના બે કર્મ હોય છે. Ask, tell, give, forgive, teach, promise, વગેરે બે કર્મના ક્રિયાપદ છે. તેમાં એક વ્યક્તિદર્શક અને બીજું વસ્તુ દર્શક. અંગ્રેજીમાં તેને Direct Object (ડાયરેક્ટ ઓબ્જેક્ટ) મુખ્ય કર્મ, અને Indirect Object (ઇન્ડાયરેક્ટ ઓબ્જેક્ટ) ગૌણકર્મ, કહે છે. તેના દાખલા:—

He gave Narayen a book.

(હી ગેવ નારાયણ આ બુક.)

તેણે નારાયણને એક ચોપડી આપી.

ઉપલા વાક્યમાં Narayen એ Indirect Object એટલે ગૌણ—વ્યક્તિદર્શક કર્મ છે, અને book (વસ્તુ) એ વસ્તુદર્શક Direct Object (મુખ્ય કર્મ છે.)

કેટલાક સકર્મક ક્રિયાપદને વ્યક્તિ સંબંધી બે કર્મો હોય છે. જેવા કે–name, appoint, create, call, make, વગેરે.

The king made him Governor

(ધી કીંગ મેડ હીમ ગવર્નર.)

રાજાએ તેને હાકેમ બનાવ્યો.

આ વાક્યમાં him અને governor બેઉ એકજ વ્યક્તિના કર્મ છે. આવે વખતે him ને Direct Object અને governor ને Factitive Object (ફેક્ટીટીવ ઓબજેક્ટ) વિધેયાર્થી કર્મ કહે છે.

હવે Auxiliary Verbs (ઓકઝીલીએરી વર્બસ) સહાયકારક ક્રિયાપદ; Infinitive (ઇન્ફીનીટીવ) ધાતુની પાછળ to લાગીને થનાર; અને Participle (પાર્ટીસીપલ) કૃદંત. આ ત્રણ જાતના ક્રિયાપદ માટે હવે થોડું શીખીએ, કારણ કે એના વગર ક્રિયાપદના વિષયમાં ઘણું જાણવા જેવું રહે છે.

પ્રથમ આપણે

Auxiliary (ઓકઝીલીએરી) ક્રિયાપદ વિષે થોડું જાણીએ. અંગ્રેજીમાં સહાયકારક ક્રિયાપદ આઠ છે.

Be, have, do, shall, will, may, can, અને must આ આઠમાંના પહેલા ત્રણ જાતના સહાયકારક હોવા છતાં મુખ્ય ક્રિયાપદ પણ છે. એ વિષે આગળ ચાલતાં જોઇશું.

ઉપર કહેલા પહેલા ત્રણ સિવાયના બીજા પાંચ એટલે shall, will, may, can અને must અને કોઇક વખત ought (ઓટ) મળીને એને Defective Verbs (ડીફેક્ટીવ વર્બસ) ગૌણ ક્રિયાપદો (એટલે રૂપાખ્યાન ન આપી શકાય એવા ક્રિયાપદો) કહે છે.

Infinitive (ઇન્ફીનીટીવ).

ક્રિયાપદના ધાતુની પાછળ to લગાડતાં તે Infinitive થાય છે. એનો સંબંધ ક્રિયાપદથી, બીજા નામથી અથવા વિશેષણ સાથે હોય છે. જેમકે:—

Yesterday he was to go.
(યસટરડે હી ઉવોઝ ટુ ગો.)
કાલે તમારે જવું હતું.

I have no money to spend.
(આઇ હેવ નો મની ટુ સ્પેન્ડ.)
મારી પાસે ખરચવાને પૈસા નથી.

Now I am ready to start.
(નાઉ આઇ એમ રેડી ટુ સ્ટાર્ટ.
હવે હું નીકળવાને તૈયાર છું.)

હવે ત્રણે વાકયોમાં ત્રણે રીતો બતાવેલી છે. પહેલા વાકયમાં to go છે તેનો સંબંધ was ક્રિયાપદ સાથે છે. બીજા વાક્યમાં to spend છે તેનો money નામ સાથે સંબંધ છે. ત્રીજા વાક્યમાં to start ને ready વિશેષણ સાથે સંબંધ છે.

Infinitive ને ક્રિયાપદ સાથે સંબંધ હોય છે, અને તેની સાથે આવતા to નો in order to અર્થાત for ના જેવો અર્થ થાય ત્યારે તેને Infinitive of Purpose અથવા Gerund of Purpose (જીરંડ ઓફ્ પરપઝ) કહે છે. જેમકે:—

He came to learn.
તે શીખવા માટે આવ્યો.

"શા માટે આવ્યો?" તો 'શીખવા માટે આવ્યો,' એવો અર્થ નીકળે છે, તેથી to learn અહીં Infinitive of Purpose અથવા Gerund of Purpose હોઇને તેને ક્રિયાપદ came સાથે સંબંધ છે. આવે ઠેકાણે Infinitive ની આગળ ઘણી વખત in order એ શબ્દો પણ આવે છે. જેમકેઃ—

He came in order to learn.
(હી કેમ ઇન ઓર્ડર ટુ લર્ન.)

See, hear, bid, dare, let, make, need feel, may, can, shall, will, do, must અને have એ ક્રિયાપદોની આગળ જો Infinitive આવે તો to અધ્યાહાર રહે છે. જેમકેઃ—

I saw him do it એટલે
I saw him to do it.
I hear him speak એટલે
I hear him to speak.

ઉપર આપેલા પંદર ક્રિયાપદોમાંથી may થી છેલ્લા have સૂધી ૭ ક્રિયાપદો સહાયકારક ક્રિયાપદો છે, તેથી તેની આગળ to જો અધ્યાહાર હોય તો ગુંચવણ પડતી નથી, પણ જો તે સિવાયના બીજા બાકીના આઠ ક્રિયાપદોમાં ગુંચવણ પડે છે, તેથી શીખનારે બરાબર ધ્યાન આપવું.

હવે

Participle (પાર્ટિસીપ્લ.)

કૃદંત.

વિશે જોઇએ.

કૃદંત બે પ્રકારના છે,

1. Imperfect Participle (ઇમ્પરફેક્ટ પાર્ટીસીપ્લ) વર્તમાન કાળવાચક કૃદંત. અને
2. Perfect Participle (પરફેક્ટ પાર્ટીસીપ્લ) ભૂતકાળવાચક કૃદંત.

ક્રિયાપદના મૂળ રૂપને ing પ્રત્યય લાગીને Imperfect participle થાય છે. જેમકે:—

come નું coming; see નું seeing; do નું doing; ask નું asking વગેરે.

Imperfect Participle નો નામ અથવા વિશેષણના જેવો પણ ઉપયોગ થાય છે તે વિષે નામ તથા વિશેષણના વર્ણન સાથે સમજાવેલ છે.

'થયલું,' 'ગયલું' એવા પ્રકારના અર્થ થતા ધાતુના ભૂતકાળના રૂપને Perfect Participle કહે છે, taken (ટેકન) લીધેલું; granted (ગ્રાન્ટેડ) આપેલું; asked (આસ્કડ) પૂછેલું; done (ડન) કરેલું. વગેરે Perfect Participle નો વિશેષણના જેવો ઉપયોગ થાય છે, તે આપણે વિશેષણમાં શીખી ગયા.

હવે

Conjugation (કોન્જુગેશન.)

ગણ.

ક્રિયાપદને બે Conjugation (ગણ) હોય છે.

1, Week Conjugation (વીક કોન્જુગેશન) નિયમિત ગણ અને 2. Strong Conjugation (સ્ટ્રોંગ કોન્જુગેશન) અનિયમિત ગણ.

જે ક્રિયાપદના મૂળ રૂપને d અથવા ed પ્રત્યય લાગીને

તેનો ભૂતકાળ અથવા ભૂત કાળવાચક કૃદંત થાય છે તેને Weok Conjugation કહે છે.

વર્ત૦ કાળ.	ભૂત કાળ.	ભૂત કૃદંત.
Ask	Askod	Askod
(આસ્ક)	(આસ્કડ)	(આસ્કડ.)
Lovo	Loved	Loved
(લવ)	(લવ્ડ)	(લવ્ડ.)

જે ક્રિયાપદના મૂળરૂપને d અથવા ed ન લાગતાં જુદીજ રીતે ભૂતકાળ તથા ભૂત કૃદંત થાય છે તેને Strong Conjugation કહે છે. જેમકેઃ—

વર્ત૦ કાળ.	ભૂત કાળ.	ભૂત કૃદંત.
Buy	Bought	Bought
(બાઇ)	(બોટ)	(બોટ)
See	Saw	Seen
(સી)	(સો)	(સીન)

Weok conjugation (વીક કોન્જુગેસન) ને Regular Verb (રેગ્યુલર વર્બ) અને Strong Conjugation ને Irregular Verb (ઇરેગ્યુલર વર્બ) પણ કહે છે.

MOOD (મૂડ.)

અર્થ.

ક્રિયા અમુક રીતે થઇ તે કહેવાના પ્રકારને Mood (મૂડ) કહે છે.

Mood ના ત્રણ મુખ્ય ભેદ છે.

1. Indicative Mood (ઇન્ડીકેટીવ મૂડ) સ્વાર્થ.
2. Imperative Mood (ઇમ્પેરેટીવ મૂડ) આજ્ઞાર્થ.

8. Subjunctive Mood (સબજંક્ટીવ મૂડ) સંકેતાર્થ.

સાદો અર્થ કે જ્યાં પ્રશ્ન પુછવાના જેવો અર્થ થતો હોય તેને Indicative Mood (સ્વાર્થ) કહે છે. જેમકે:—

He goes (હી ગોઝ) તે જાય છે.

I wrote (આઇ રોટ) મેં લખ્યું.

Who is this? (હુ ઇઝ ધીસ ?) આ કોણ છે ?

આજ્ઞા (હુકમ) અથવા વિનંતિ દર્શક અર્થ જ્યાં નીકળતો હોય ત્યાં ક્રિયાપદનો Imperative Mood (આજ્ઞાર્થ) કહે છે. જેમકે:—

Do it (ડુ ઇટ) આ કરો.

Kindly grant me leave (કાઇન્ડલી ગ્રાંટ મી લીવ) મહેરબાની કરીને મને રજા આપો,

Run down the hill (રન ડાઉન ધી હીલ) ટેકરી ઉતરી જાઓ. વગેરે

અમુક હોય તો અમુક થાય એવો જ્યાં અર્થ નીકળતો હોય તેને Subjunctive Mood (સંકેતાર્થ) કહેછે. જેમકે:—

If you now go, you are to blame (ઇફ યુ નાઉ ગો, યુ આર ટુ બ્લેમ.) જો તમે હમણા જશોતો તમે ઠપકા પાત્ર છો. એ વાક્યમાં go ક્રિયાપદ Subjunctive Mood છે અને are છે તે Indicative Mood છે. તેમજ—

If you work, you will be happy.
(ઇફ યુ વર્ક, યુ ઉવીલ બી હેપી)
જો તમે કામ કરશો તો તમે સુખી થશો.

આ વાકયમાં work છે તે Subjunctive Mood છે અને will be નો Indicative Mood છે.

આ સિવાય Potential Mood (પોટેન્સીઅલ મુડ) સંશયાર્થ છે. જ્યાં શક (વ્હેમ) જેવો અર્થ ક્રિયાપદનો થાય તેને સંશયાર્થ સમજવો. જેમકેઃ—

He can read (હી કેન રીડ)

તે વાંચી શકશે.

પણ આ પ્રકારના Mood ને કેટલાક અંગ્રેજ વ્યાકરણ વેત્તાઓ માનતા નથી. એનો સમાસ Indicative Mood સાથેજ કરે છે.

TENSE (ટેન્સ)

કાળ.

જે વખતમાં ક્રિયા બને છે તેને ક્રિયાપદનો Tense (ટેન્સ) કાળ કહે છે.

ગૂજરાતી પ્રમાણે અંગ્રેજીમાં પણ ત્રણ કાળ છે.

1 Present Tense (પ્રેઝન્ટ ટેન્સ) **વર્તમાનકાળ.**

2 Past Tense (પાસ્ટ ટેન્સ) **ભુતકાળ.**

3 Future Tense (ફ્યુચર ટેન્સ) **ભવિષ્યકાળ.**

ક્રિયા થતી હોય (ચાલુ વખત) તેને વર્તમાનકાળ કહે છે. ક્રિયા થઇ ગયલી હોય (થઈ ગયલા) તેને ભૂતકાળ કહે છે; અને ક્રિયા થવાની હોય (આગળ આવનાર) તેને ભવિષ્યકાળ કહે છે.

અંગ્રેજીમાં કોઇપણ મૂળ ક્રિયાપદને કર્ત્તાની આગળ એમજ મૂકવામાં આવે તો તે **વર્ત્તમાનકાળ** થાય છે. બાકી

તેના બીજા તથા ત્રીજા પુરૂષના એકવચનના રૂપોમાં ફેરફાર થાય છે. બીજા અને ત્રીજા પુરૂષના એકવચનમાં ફેરફાર થાય છે તે એટલોજ કે, બીજા પુરૂષના એકવચનને est અને ત્રીજા પુરૂષના એકવચનને s પ્રત્યય લાગે છે. આ બે બાબતો ધ્યાનમાં રાખીને વ્યાકરણ કરવું. તેનો આપણે દાખલો લઇએ.

To sleep (ટુ સ્લીપ.)

ઉંઘવું.

એકવચન	બહુવચન.
પે. I sleep.	We sleep
બી. Thou sleepest	You sleep.
ત્રી.He sleeps.	They sleep.

ત્રીજા પુરૂષમાં he નરજાતિના નામ માટે વપરાય છે તેમજ નારીજાતિ માટે She sleeps અને નાન્યતરજાતિ માટે It sleeps છે.

અંગ્રેજીમાં એકવચનના બીજા પુરૂષનું રૂપ thou છે. તે વાતચીત કરતી વખતે અથવા લખવા બોલવામાં વપરાતો નથી. એનો ઉપયોગ તો માત્ર કવિતામાં, અંગ્રેજી ધર્મ પુસ્તકમાં, અને ઇશ્વરને ઉદ્દેશીને બોલવા કે લખવામાં વપરાય છે. બાકી અંગ્રેજીમાં તો બધે ઠેકાણે જ્યાં બીજા પુરૂષનો ઉપયોગ કરવો હોય ત્યાં thou ને બદલે you વાપરવાનો રીવાજ છે.

જેમકેઃ—તું ઉંઘે છે, thou sleepest નહિ વાપરતાં You sleep એમ વપરાય છે. ખરૂં જોતાં એકવચનમાં બહુવચનનો ઉપયોગ કરવો પડે છે, અને તે દેખીતુંજ એકવચન હોય છતાં Parsing (પદચ્છેદ) વ્યાકરણ કરતાં તેને બહુવચન તરીકેજ ગણવામાં આવે છે.

વળી બહુવચનના બીજા પુરૂષમાં you નો ઉપયોગ થાય છે, તે ye તથા you (યી તથા યુ) એક છે, પણ ye નો ઉપયોગ માત્ર કવિતામાંજ થાય છે, બાકી you નો ઉપયોગ તો હમેશ થાય છે.

ક્રિયાપદના મૂળ રૂપને d અથવા ed પ્રત્યય લગાડતાં ભૂતકાળ થાય છે. એ વિષેનું વધારે વિવેચન આ પુસ્તકના પહેલા ભાગમાં આવી ગએલ છે છતાં ચાલુમાં થોડા રૂપો આપેલા છે. જેમકે:—

Hate નું hated; help નું helped. વગેરે.

એતો ભૂતકાળ વિષેનો સાધારણ નિયમ આપણે જાણ્યો. પણ કેટલાક ક્રિયાપદના ભૂતકાળના રૂપ જુદે રૂપે થાય છે. તે વિષે કાંઈ ચોકસ નિયમ નથી. એવા જુદે રૂપે થનાર ક્રિયાપદો મોઢે કરવા જોઇએ. જેમકે:

Make નું made. go નું went. Bite નું bit. Sleep નું slept.–Get નું got–વગેરે.

Do સહાયકારક ક્રિયાપદ છે એનું ભૂતકાળનું રૂપ did છે. તે જો કોઇપણ ક્રિયાપદના મૂળ રૂપની આગળ મુકવામાં આવે તોપણ તે ક્રિયાપદને ભૂતકાળનું રૂપ આપી શકાય છે. આવું છે છતાં પણ કાંઇ વધારે અર્થ બતાવવો હોય ત્યારેજ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપર બતાવેલ નિયમજ હમેશનો કામ આવે છે તેથી તે વધારે ધ્યાનમાં રાખવાના છે.

ઉપર બતાવ્યા મુજબ કોઇપણ ક્રિયાપદને ભૂતકાળનું રૂપ આપતાં એકવચન તથા બહુવચન ત્રણે પુરૂષના રૂપમાં માત્ર એકવચનના બીજા પુરૂષનેજ માત્ર st અથવા est લાગે છે. બાકીના પાંચેના રૂપતો એમજ રહેછે. જેમકે:–

To love.

એકવચન	બહુવચન.
પ્ર. I loved	We loved
દ્વિ. Thou lovedst	You loved.
ત્રી. He loved	They loved,

To go.

પ્ર. I went (આઇ ઉવેન્ટ) હું ગયો.	We went (ઉવી ઉવેન્ટ) અમે ગયા.
દ્વિ. Thou wentest (ધાઉ ઉવેન્ટેસ્ટ) તું ગયો.	You went. (યુ ઉવેન્ટ) તમે ગયા.
ત્રી. He went (હી ઉવેન્ટ) તે ગયો.	They went. (ધે ઉવેન્ટ). તેઓ ગયા.

જેવી રીતે ત્રીજા પુરૂષના એકવચનના નરજાતિ માટે he loved અને he went છે તેવીજ રીતે નારીજાતિ માટે વપરાતા she નું પણ she loved અને she went થાય છે. તેમજ નાન્યતરજાતિ માટે it નું it loved અને it went છે.

કોઇપણ ક્રિયાપદના મૂળ રૂપને shall અથવા will સહાયકારક ક્રિયાપદ લગાડતાં ભવિષ્યકાળ થાય છે. એમાં પણ બીજા પુરૂષના એકવચનના રૂપને will લગાડતાં wilt થાય છે અને shall લગાડતાં shalt થાય છે.

Shall અથવા will આ બેમાંથી કોઇ પણ સહાયકારક

ક્રિયાપદ મૂળ ક્રિયાપદના રૂપની આગળ લગાડતાં ભવિષ્યકાળ થાય છે તેતો ઉપર કહ્યું તોપણ shall અને will ક્યાં ક્યાં વાપરવા તે માટે જાણવું અગત્યનું છે. કોઇ પણ વિશેષ અર્થ બતાવવાનો ન હોય પણ માત્ર સાધારણ ભવિષ્યકાળજ બતાવવો હોય તો એક વચનના પહેલા પુરૂષ આગળ shall અને બીજા તથા ત્રીજા પુરૂષ આગળ will નો ઉપયોગ કરવો. જેમકે:—

To love.

એકવચન.	બહુવચન.
પ્ર. I shall love	We shall love.
દ્વિ. Thou wilt love	You will love
ત્રી. He will love	They will love.

ત્રીજા પુરૂષના એકવચનના she તથા it નો પણ he ની પેઠે will love થી ઉપયોગ થાય છે. બહુવચનના ત્રીજા પુરૂષમાંતો બધા માટે they નોજ ઉપયોગ છે.

પણ જ્યાં નિશ્ચય દેખાડવો હોય (જેમકે હું અમુક કામ કરીશજ) ત્યાં, વચન આપવામાં, અથવા બીક દેખાડવામાં તો પહેલા પુરૂષ આગળ will મૂકી બીજા તથા ત્રીજા પુરૂષનો shall થી ઉપયોગ કરવો. જેમકે:—

To love.

એકવચન	બહુવચન.
પ્ર. I will love.	We will love.
દ્વિ. Thou shalt love.	You shall love.
ત્રી. He shall love.	They shall love.

Shall અને will નો જ્યાં પ્રશ્ન પૂછવાનો હોય ત્યાં ઉપરના નિયમનો ઉપયોગ થતો નથી. પ્રશ્નના વાક્યમાં તે ના

સંબંધથી ઉલટોજ સંબંધ હોય છે.

વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળ એ ક્રિયાપદના ત્રણ મુખ્ય કાળ છે, તેને વિષેની સમજણ તો આપણે ઉપર શાખી ગયા. હવે તે ત્રણે કાળના પેટાભેદ છે. તે વિષે હજી જાણવાનું છે, પણ તે પહેલાં સહાયકારક ક્રિયાપદના ત્રણે કાળના રૂપો જાણવાની જરૂર છે. કારણ કે, તેના રૂપો બીજા ક્રિયાપદો કરતાં જુદીજ રીતે થાય છે. વળી આગળ ઉપર ક્રિયાપદના પેટાભેદ વિષે સમજણ આપતાં તેની જરૂર પડશે.

સહાયકારક ક્રિયાપદના રૂપો.

TO BE.

Present Tense (પ્રેઝન્ટ ટેન્સ)

વર્તમાનકાળ.

એકવચન.	બહુવચન.
પ્ર. I am.	We are
દ્વિ. Thou art.	You are.
ત્રી. He is.	They are.

ત્રીજા પુરૂષના he ની પેઠે she, તથા it ના પણ she is, it is થાય છે, તેજ પ્રમાણે ભૂત તથા ભવિષ્યકાળના પણ he ની પેઠેજ she તથા it ના થાય છે.

Past Tense (પાસ્ટ ટેન્સ.)

ભૂતકાળ.

પ્ર. I was.	We were.
દ્વિ. Thou wast.	You were.
ત્રી. He was.	They were.

Future Tense (ફ્યુચર ટેન્સ).
ભવિષ્યકાળ.

પ. I shall be.	We shall be.
દિ. Thou wilt be.	You will be.
ત્રી. He will be.	They will be.

To HAVE.
Present Tense.

પ. I have.	We have
દિ. Thou hast.	You have.
ત્રી. He has.	They have.

Past Tense.

પ. I had.	We had.
દિ. Thou hadst.	You had.
ત્રી. He had.	They had.

Future Tense.

પ. I shall have.	We shall have.
દિ. Thou wilt have.	You will have.
ત્રી. He will have.	They will have.

To DO.
Present Tense

પ. I do.	We do.
દિ. Thou dost.	You do.
ત્રી. He does.	They do.

મુખ્ય ક્રિયાપદ do છે તેનું બીજીતું એકવચન doest થાય છે, પણ ટુંકામાં dost વપરાય છે.

Past Tense

પ્ર. I did.	We did.
દ્વિ. Thou didst.	You did.
ત્રી. He did.	They did.

Future Tense

પ્ર. I shall do.	We shall do.
દ્વિ. Thou wilt do.	You will do.
ત્રી. He will do.	They will do.

બાકીના સહાયકારક ક્રિયાપદમાંના must ના ત્રણે કાળના રૂપ એક સરખાજ થાય છે. બાકીના ચારના ભવિષ્યકાળના રૂપો થતા નથી. તેના તો વર્તમાનકાળ તથા ભૂતકાળનાજ રૂપો રહે છે. તે નીચે આપ્યા છે.

વર્તમાનકાળ.	ભૂતકાળ.
Shall (શેલ).	Should (શુડ)
Will (ઉવીલ)	Would (વુડ).
May (મે).	Might (માઈટ).
Can (કેન).	Could (કુડ).

પુરૂષ તથા વચનના યોગથી પણ Must ના રૂપો બદલાતા નથી. બાકીના નીચે લખેલા એકવચનના બીજા (દ્વિતીય) પુરૂષના રૂપો થાય છે.

Shall નું shalt (શેલ્ટ).

Willનું wilt (ઉવીલ્ટ).

Mayનુ mayest (મેયેસ્ટ).

Canનું canst (કાન્સ્ટ).
Shouldનું shouldst (શુડસ્ટ)
Wouldનું wouldst (વુડસ્ટ).
Mightનું mightst (માઇટસ્ટ).
Couldનું couldst (કુડસ્ટ).

પાછલા કહેલા must અને બીજા ought એને બીજા મુખ્ય ક્રિયાપદના યોગથી ભુતકાળ દેખાડવો હોયતો must have done (મસ્ટ હેવ ડન); ought to have gone (ઓટ ટુ હેવ ગોન) એવા પ્રકારથી બતાવવામાં આવે છે.

ઉપર જે વર્તમાન, ભુત તથા ભવિષ્યકાળ એ જે ત્રણ મુખ્ય કાળ કહ્યા તેના દરેકના ચાર ચાર પેટા ભેદ છે.

1. Indefinite (ઇન્ડેફીનીટ) સામાન્ય.
2. Imperfect (ઇમ્પરફેક્ટ) અપૂર્ણ.
3. Perfect (પરફેક્ટ) પૂર્ણ.
4. Continuous (કન્ટીન્યુઅસ) ચાલુ પૂર્ણ.

કોઇપણ મુખ્ય કાળનું જે મૂળરૂપ તેનેજ Indefinite કહે છે. જેમકે:—

I love (Present Indefinite)
I loved (Past Indefinite)
I shall love (Future Indefinite)

મુખ્ય કાળમાંના કોઇપણ કાળનો Imperfect કરવો હોય તો ક્રિયાપદના મૂળરૂપને ing પ્રત્યય લગાડી તેનો Imperfect Participle થાય છે. મુખ્ય કાળનો Imperfect કરવો હોય તેની આગળ to be ક્રિયાપદના રૂપો લગાડવા. જેમકે:—

I am loving (Present Imperfect)

I was loving (Past Imperfect).

I shall be loving(Future Imperfect)

તેજ પ્રમાણે મુખ્ય કાળમાંથી કોઇ પણ કાળનો Perfect કરવો હોય તો મુખ્ય ક્રિયાપદને Perfect Participle કરીને તેની આગળ have ના રૂપ મુકવા. જેમકે:-

I have loved (Present Perfect.)

I had loved (Past Perfect.)

I shall have loved (Future Perfect.)

આ ઠેકાણે to beના Perfectના રૂપો આપવાની જરૂર છે કારણ કે તેનો વધારે ઉપયોગ આગળ આવશે.

Present Perfect.

૧. I have been	We have been.
૨. Thou hast been.	You have been.
૩. He has been.	They have been.

Past Perfect.

૧. I had been.	We had been.
૨. Thou hadst been.	You had been
૩. He had been.	They had been.

Future Perfect.

૧. I shall have been.	We shall have been.
૨. Thou wilt hɪve been.	You will have been.
૩. He will have been.	They will have been.

તેમજ વળી કોઇપણ મુખ્ય કાળનો Perfect Continuous કરવો હોય તો ક્રિયાપદને ing લગાડી તેને Imperfect Participleનું રૂપ આપવું અને તેની આગળ જે મુખ્ય ક્રિયાપદનું Perfect continuous કરવું હોય તે કાળના to beના Perfect રૂપ મુકવા. જેમકેઃ—

I have been loving.	Present Perfect Coutinuous
I had been loving.	Past Perfect Continuous.
I shall have been loving.	Future Perfect Continuous.

ક્રિયાપદના કાળવિષે જે કાંઇ કહેવું જોઇએ તેતો બધું કહેવામાં આવ્યું છે. હવે કોઇ પણ એક ક્રિયાપદ લઇ તેને બધા કાળના રૂપો આપવાના રહ્યા છે. તે પહેલાં ક્રિયાપદને Voice (વોઇસ) **પ્રયોગ** હોય છે. તે પહેલાં બતાવી તે પછી બધા ક્રિયાપદોના રૂપો બતાવીશું.

VOICE. (વોઇસ)

પ્રયોગ.

વાકયમાં કર્તા પોતે જે ક્રિયા કરેછે અથવા તેના ઉપર જે ક્રિયા થાય છે તેને Voice (પ્રયોગ) કહેછે.

Voice (પ્રયોગ)ના બે પ્રકાર છે.

1. Active Voice (એકટીવ વોઇસ) **કર્તરિપ્રયોગ** અને
2. Passive Voice (પેસીવ વોઇસ) **કર્મણિપ્રયોગ.**

Active Voiceમાં કર્તા પોતે ક્રિયા કરેછે. જેમકેઃ—

He writes a letter (હી રાઈટસ આ લેટર) તે કાગળ લખેછે.

આ વાકયમાં he કર્તા છે, તે કાગળ લખવાની ક્રિયા પોતેજ કરે છે એતો દેખીતુંજ છે, તેથી writes એ ક્રિયાપદ Active Voice છે.

Passive Voiceમાં કર્તા ઉપર બીજાથી ક્રિયા થાયછે. જેમકે:

A letter is written by him (આ લેટર ઇઝ રીટન બાઇ હીમ) તેનાથી કાગળ લખાય છે. એમાં letter કર્તા છે તેની ઉપર by him (તેનાથી) ક્રિયા કરેલી છે તેથી આ Passive Voice છે.

Active અને Passive Voiceમાં એક ચીજ ધ્યાનમાં રાખવાની છે. Active Voiceમાં ક્રિયા કરનારજ કર્તા હોય છે અને Passive Voiceમાં કર્મ કર્તાને ઠેકાણે હોય છે. વળી અકર્મક ક્રિયાપદમાં કર્મ ન હોવાથી હમેશ તે Active Voice થાય છે. કર્મ વગરનો વાકય કદી પણ Passive Voice થાયજ નહિ.

વાકય રચનાના સંબંધમાં Voice (પ્રયોગ)ની બાબત બહુજ અગત્યની છે, તેથી તે વિષે હજી થોડું જાણવાનું છે, તે આગળ જાણીશું.

પ્રથમ તો આપણે એક ક્રિયાપદ લઇ તેને બધા રૂપો આપી વધારે સહેલાઇ કરીએ. આ બધા રૂપોમાંInfinitive Participle અને Gerundનો પણ સમાવેશ કરેલો છે. આપણે To call ક્રિયાપદ લઇ તેને રૂપો આપીએ.

TO CALL— ACTIVE VOICE.

Indicative Mood.

Present Indefinite

(પ્રેઝંટ ઇન્ડેફીનીટ.)

Singular (સીંગ્યુલર)	Plural (પ્લુરલ)
1. I call (આઇ કોલ)	We call(ૐવી કોલ)
2. Thou callest(धाउ કોલેસ્ટ)	You call(યુ કોલ)
3. He calls (હી કોલ્સ)	They call(घे કોલ)

Present Imperfect

(પ્રેઝંટ ઇમ્પરફેક્ટ)

1. I am calling. (આઇ એમ કોલીંગ)	We are calling (ૐવી આર કોલીંગ)
2. Thou art calling (धाउ આર્ટ કોલીંગ)	You are calling (યુ આર કે.લીંગ)
3. He is calling (હી ઇઝ કોલીંગ)	They are calling (घे આર કોલીંગ)

Present Perfect.

(પ્રેઝંટ પરફેક્ટ.)

1. I have called (આઇ હેવ કોલ્ડ)	We have called (ૐવી હેવ કોલ્ડ.)
2. Thou hast called (धाउ હેસ્ટ કોલ્ડ)	You have called (યુ હેવ કોલ્ડ)
3. He has called (હી હેઝ કોલ્ડ)	They have called. (घे હેવ કોલ્ડ)

Present Perfect Continuous.

(પ્રેઝંટ પરફેક્ટ કન્ટીન્યુઅસ.)

1. I have been calling	We have been calling.
(આઇ હેવ બીન કોલીંગ)	(ઉવી હેવ બીન કોલીંગ)
2. Thou hast been calling	You have been calling.
(ધાઉ હેસ્ટ બીન કોલીંગ)	(યુ હેવ બીન કોલીંગ)
૩ He has been calling	They have been calling.
(હી હેઝ બીન કોલીંગ)	(ધે હેવ બીન કોલીંગ)

Past Indefinite.

(પાસ્ટ ઇન્ડેફીનીટ)

1· I called	We called
(આઇ કોલ્ડ)	(ઉવી કોલ્ડ)
2. Thou calledest	You called
(ધાઉ કોલ્ડેસ્ટ)	(યુ કોલ્ડ)
3. He called	They called
(હી કોલ્ડ)	(ધે કોલ્ડ)

Past Imperfect.

(પાસ્ટ ઇમ્પરફેક્ટ.)

1. I was calling	We were calling
(આઇ ઉવોઝ કોલીંગ)	(ઉવી ઉવર કોલીંગ)
2. Thou wast calling	You were calling
(ધાઉ ઉવોસ્ટ કોલીંગ)	(યુ ઉવર કોલીંગ)

3. He was calling — They were calling
(હી ઉવોઝ કોલીંગ) — (ધે ઉવર કોલીંગ)

Past Perfect.

(પાસ્ટ પરફેક્ટ)

1. I had called — We had called
(આઇ હેડ કોલ્ડ) — (ઉવી હેડ કોલ્ડ)
2. Thou hadst called — You had called
(ધાઉ હેડસ્ટ કોલ્ડ) — (યુ હેડ કોલ્ડ)
3. He had called — They had called.
(હી હેડ કોલ્ડ) — (ધે હેડ કોલ્ડ)

Past Perfect Continuous.

(પાસ્ટ પરફેક્ટ કન્ટીન્યુઅસ.)

1. I had been calling — We had been calling
(આઇ હેડ બીન કોલીંગ) — (ઉવી હેડ બીન કોલીંગ)
2. Thou hadst been calling — You had been calling
(ધાઉ હેડસ્ટ બીન કોલીંગ) — (યુ હેડ બીન કોલીંગ)
3. He had been calling — They had been calling
(હી હેડ બીન કોલીંગ) — (ધે હેડ બીન કોલીંગ)

Future Indefinite

(ફ્યુચર ઇન્ડેફીનીટ)

1. I shall call — We shall call
(આઇ શેલ કોલ) — (ઉવી શેલ કોલ)

2. Thou wilt call (ધાઉ ઉવીલ્ટ કોલ) — You will call (યુ ઉવીલ કોલ)

3. He will call (હી ઉવીલ કોલ) — They will call (ધે ઉવીલ કોલ)

Future Imperfect

(ફ્યુચર ઇમ્પરફેક્ટ)

1. I shall be calling (આઇ શેલ બી કોલીંગ) — We shall be calling (ઉવી શેલ બી કોલીંગ)

2. Thou wilt be calling (ધાઉ ઉવીલ્ટ બી કોલીંગ) — You will be calling (યુ ઉવીલ બી કોલીંગ)

3. He will be calling (હી ઉવીલ બી કોલીંગ) — They will be calling (ધે ઉવીલ બી કોલીંગ)

Future Perfect

(ફ્યુચર પરફેક્ટ)

1. I shall have called. (આઇ શેલ હેવ કોલ્ડ) — We shall have called. (ઉવી શેલ હેવ કોલ્ડ)

2. Thou wilt have called (ધાઉ ઉવીલ્ટ હેવ કોલ્ડ) — You will have called (યુ ઉવીલ હેવ કોલ્ડ)

3. He will have called (હી ઉવીલ હેવ કોલ્ડ) — They will have called. (ધે ઉવીલ હેવ કોલ્ડ)

Future Perfect Continuous

(ફ્યુચર પરફેક્ટ કન્ટીન્યુઅસ)

I shall have been calling
(આઇ શેલ હેવ બીન કોલીંગ)

We shall have been calling.
(ઉવી શેલ હેવ બીન કોલીંગ.)

Thou wilt have been calling
(ધાઉ ઉવીલ્ટ હેવ બીન કોલીંગ)

You will have been calling.
(યુ ઉવીલ હેવ બીન કોલીંગ)

He will have been calling
(હી ઉવીલ હેવ બીન કોલીંગ)

They will have been calling.
(ધે ઉવીલ હેવ બીન કોલીંગ)

IMPERATIVE MOOD

(ઇમ્પરેટીવ મુડ)

Present Tense

પ્રેઝંટ ટેન્સ.

Call, (or) call thou
(કોલ, (ઓર) કોલ ધાઉ)

Call, (or) call you
(કોલ, (ઓર) કોલ યુ)

Future Tense

(ફ્યુચર ટેન્સ)

Thou shalt call
(ધાઉ શેલ્ટ કોલ)

You shall call
(યુ શેલ કોલ)

He shall call
(હી શેલ કોલ)

They shall call
(ધે શેલ કોલ)

SUBJUNCTIVE MOOD.

Subjunctive Moodના અહીં આપેલા રૂપો તથા આગળ Passive Voiceમાં આપેલા રૂપો પાછળ કહેલા નિયમને અનુસરતા નથી, એમ દેખાશે. Subjunctive Mood ની બાબત એટલી તો ગુંચવણ ભરેલી છે કે તેને વિષે જેમ જેમ વધારે નિયમો સમજાવતા જઇએ તેમ તેમ વધારે ગુંચવાડો થતો જાય છે. અને તેથી શીખનાર ગુંવાઇ જાય છે. છતાં પણ કાંઇ વધારે ખુલાસો જણાતો નથી. હાલ તો શીખનારાએ અહીં આપેલા આ બધા રૂપો મોઢે કરવા. એથી ઉપયોગમાં આવતા બધા રૂપો તે જાણશે. હવે આપણે તે રૂપો તેમના ઉચ્ચાર સાથે નીચે મુજબ આપ્યા છે તે ધ્યાન પૂર્વક શીખવા શરૂ કરીએ.

Present Indefinite

(પ્રેઝંટ ઇન્ડેફીનીટ)

1 If I call	If we call.
(ઇફ આઇ કોલ)	(ઇફ ઉવી કોલ)
2. If thou call	If you call.
(ઇફ ધાઉ કોલ)	(ઇફ યુ કોલ)
3. If he call	If they call.
(ઇફ હી કોલ)	(ઇફ ધે કોલ)

Present Imperfect

(પ્રેઝંટ ઇમ્પરફેક્ટ)

1 If I be calling	If we be calling.
(ઇફ આઇ બી કોલીંગ)	(ઇફ ઉવી બી કોલીંગ)

2 If thou be calling	If you be calling
(ઇફ ધાઉ બી કૉલીંગ)	(ઇફ યુ બી કૉલીંગ)
3 If he be calling	If they be calling.
(ઇફ હી બી કૉલીંગ)	(ઇફ ધે બી કૉલીંગ)

Present Perfect.

(પ્રેઝંટ પરફેક્ટ)

1. If I have called	If we have called.
(ઇફ આઇ હેવ કૉલ્ડ)	(ઇફ ઉવી હેવ કૉલ્ડ)
2. If thou have called	If you have called.
(ઇફ ધાઉ હેવ કૉલ્ડ)	(ઇફ યુ હેવ કૉલ્ડ)
3. If he have called	If they have called.
(ઇફ હી હેવ કૉલ્ડ)	(ઇફ ધે હેવ કૉલ્ડ)

Present Perfect Continuous.

(પ્રેઝંટ પરફેક્ટ કન્ટીન્યુઅસ.)

1. If I have been calling	If we have been calling.
(ઇફ આઇ હેવ બીન કૉલીંગ)	(ઇફ ઉવી હેવ બીન કૉલીંગ)
2. If thou have been calling	If you have been calling.
(ઇફ ધાઉ હેવ બીન કૉલીંગ)	(ઇફ યુ હેવ બીન કૉલીંગ)
3. If he have been calling	If they have been calling.

(ઇફ હી હેવ બીન કાલીંગ)   (ઇફ ધે હેવ બીન કાલીંગ)

Past Indefinite.

(પાસ્ટ ઇન્ડેફીનીટ)

1. If I called — If we called.
   (ઇફ આઇ કાલ્ડ) — (ઇફ ઉવી કાલ્ડ)
2. If thou called — If you called.
   (ઇફ ધાઉ કાલ્ડ) — (ઇફ યુ કાલ્ડ)
3. If he called — If they called
   (ઇફ હી કાલ્ડ) — (ઇફ ધે કાલ્ડ)

Past Imperfect.

(પાસ્ટ ઇમ્પરફેક્ટ)

1. If I were calling — If we were calling
   (ઇફ આઇ ઉવર કાલીંગ) — (ઇફ ઉવી ઉવર કાલીંગ)
2. If thou were calling — If you were calling
   (ઇફ ધાઉ ઉવર કાલીંગ) — (ઇફ યુ ઉવર કાલીંગ)
3. If he were calling — If they were calling.
   (ઇફ હી ઉવર કાલીંગ) — (ઇફ ધે ઉવર કાલીંગ)

Past Perfect.

(પાસ્ટ પરફેક્ટ.)

1. If I had called — If we had called
   (ઇફ આઇ હેડ કાલ્ડ) — (ઇફ ઉવી હેડ કાલ્ડ)
2. If thou had called — If you had called
   (ઇફ ધાઉ હેડ કાલ્ડ) — (ઇફ યુ હેડ કાલ્ડ)
3. If he had called — If they had called
   (ઇફ હી હેડ કાલ્ડ) — (ઇફ ધે હેડ કાલ્ડ)

Past Perfect Continuous

(પાસ્ટ પરફેક્ટ કન્ટીન્યુઅસ.)

If I had been calling (ઇફ આઇ હેડ બીન કાલીંગ) If we had been calling (ઇફ ઉવી હેડ બીન કાલીંગ)

If thou had been calling (ઇફ ધાઉ હેડ બીન કાલીંગ) If you had been calling (ઇફ યુ હેડ બીન કાલીંગ)

If he had been calling (ઇફ હી હેડ બીન કાલીંગ) If they had been calling (ઇફ ધે હેડ બીન કાલીંગ)

Future Indefinite.

1. If I should call (ઇફ આઇ શુડ કાલ) If we should call. (ઇફ ઉવી શુડ કાલ)
2. If thou should call (ઇફ ધાઉ શુડ કાલ) If you should call. (ઇફ યુ શુડ કાલ)
3. If he should call (ઇફ હી શુડ કાલ) If they should call. (ઇફ ધે શુડ કાલ)

Future Imperfect.

(ફ્યુચર ઇમ્પરફેક્ટ)

If I should be calling. (ઇફ આઇ શુડ બી કાલીંગ.) If we should be calling (ઇફ ઉવી શુડ બી કાલીંગ.)

If thou should be calling
(ઇફ ધાઉ શુડ બી કોલીંગ.)

If you should be calling.
(ઇફ યુ શુડ બી કોલીંગ.)

If he should be calling.
(ઇફ હી શુડ બી કોલીંગ)

If they should be calling.
(ઇફ ધે શુડ બી કોલીંગ)

Future Perfect.

(ફ્યુચર પરફેક્ટ)

If I should have called.
(ઇફ આઇ શુડ હેવ કોલ્ડ.)

If we should have called.
(ઇફ વી શુડ હેવ કોલ્ડ.)

If thou should have called.
(ઇફ ધાઉ શુડ હેવ કોલ્ડ.)

If you should have called.
(ઇફ યુ શુડ હેવ કોલ્ડ.)

If he should have called.
(ઇફ હી શુડ હેવ કોલ્ડ.)

If they should have called.
(ઇફ ધે શુડ હેવ) કોલ્ડ.)

Future Perfect Continuous.

(ફ્યુચર પરફેક્ટ કન્ટીન્યુઅસ)

If I should have been calling. (ઇફ આઇ શુડ હેવ બીન કોલીંગ)	If we should have been calling. (ઇફ ઉવી શુડ હેવ બીન કોલીંગ)
If thou should have been calling. (ઇફ ધાઉ શુડ હેવ બીન કોલીંગ)	If you should have been calling. (ઇફ યુ શુડ હેવ બીન કોલીંગ.)
If he should have been calling. (ઇફ હી શુડ હેવ બીન કોલીંગ)	If they should have been calling. (ઇફ ધે શુડ હેવ બીન કોલીંગ.)

INFINITIVE

Present—to call (ટુ કોલ)
Imperfect—to be calling (ટુ બી કોલીંગ)
Perfect—to have called (ટુ હેવ કોલ્ડ)
Perfect Continuous-to have been calling. (ટુ હેવ બીન કોલીંગ)

PARTICIPLES.

Imperfect—calling (કોલીંગ)

Perfect—called (કોલ્ડ.)

Compound Perfect—having called(હેવીંગ કોલ્ડ)
Perfect Continuous–having been called(હેવીંગ બીન કોલ્ડ)

GERUND.

Calling (કોલીંગ) To call (ટુ કોલ)

Gerund અથવા Infinitive વિષે પાછળ એક બે ઠેકાણે લખવામાં આવેલ છે, પણ તેમાંએ ઘોટાળો થવાનો સંભવ છે. માત્ર એટલુંજ યાદ રાખવાનું છે કે, to લાગીને જે રૂપ થાય છે, તે વાકયમાં Infinitive Gerund હોય છે. ખરૂં જોતાં તો બેઉ રૂપો નામના રૂપ હોય છે, પણ કર્તા અથવા કર્મ હોય તો Infinitive કહે છે, પણ માટે, વાસ્તે, એવા અર્થે જ્યાં હોય ત્યાં Gerund of Purpose અથવા Infinitive of Purpose એમ કહેવાય છે.

આટલું ધ્યાનમાં રાખીને જો બધા મોઢે કર્યા હોયતો ક્રિયાપદમાં શીખનાર ગુંચવાશે નહિ.

હવે આપણે Passive Voiceના બધા રૂપો જોઇએ. Passive Voice ના જેટલા રૂપો થાય છે તેટલા બધા આપ્યા છે. જે રૂપો નથી આપ્યા તે થતા નથી એમ સમજવું.

TO CALL.

PASSIVE VOICE.

INDICATIVE MOOD.

(ઇન્ડીકેટીવ મૂડ.)

Present Indefinite.

(પ્રેઝંટ ઇન્ડેફીનીટ)

1. I am called	We are called
(આઇ એમ કોલ્ડ)	(ઉવી આર કોલ્ડ)
2. Thou art called	You are called
(ધાઉ આર્ટ કોલ્ડ)	(યુ આર કોલ્ડ)
3. He is called	They are called
(હી ઇઝ કોલ્ડ)	(ધે આર કોલ્ડ)

Present Imperfect.

(પ્રેઝંટ ઇમ્પરફેક્ટ.)

I am being called	We are being called
(આઇ એમ બીઇંગ કોલ્ડ)	(ઉવી આર બીઇંગ કોલ્ડ)
Thou art being called	You are being called
(ધાઉ આર્ટ બીઇંગ કોલ્ડ)	(યુ આર બીઇંગ) કોલ્ડ)
He is being called	They are being called
(હી ઇઝ બીઇંગ કોલ્ડ)	(ધે આર બીઇંગ કોલ્ડ)

Present Perfect.

(પ્રેઝંટ પરફેક્ટ)

I have been called (આઇ હેવ બીન કોલ્ડ)
We have been called (વી હેવ બીન કોલ્ડ.)
Thou hast been called (ધાઉ હેસ્ટ બીન કોલ્ડ)
You have been called (યુ હેવ બીન કોલ્ડ)
He has been called (હી હેઝ બીન કોલ્ડ)
They have been called (ધે હેવ બીન કોલ્ડ)

Past Indefinite.

(પાસ્ટ ઇન્ડેફીનીટ)

1. I was called (આઇ વોઝ કોલ્ડ)
We are called (વી આર કોલ્ડ)
2. Thou wast called (ધાઉ વોસ્ટ કોલ્ડ)
You are called (યુ આર કોલ્ડ)
3. He was called (હી વોઝ કોલ્ડ)
They are called (ધે આર કોલ્ડ)

Past Imperfect

(પાસ્ટ ઇમ્પરફેક્ટ.)

1. I was being called (આઇ વોઝ બીઈંગ કોલ્ડ.)
We were being called (વી વર બીઈંગ કોલ્ડ)
2. Thou wast being called (ધાઉ વોસ્ટ બીઈંગ કોલ્ડ.)
You were being called (યુ વર બીઈંગ કોલ્ડ.)

3. He was being called (હી વોઝ બીઇંગ કૉલ્ડ.) They were being called (ધે વર બીઇંગ કૉલ્ડ.)

Past Perfect

(પાસ્ટ પરફેક્ટ.)

I had been called (આઇ હેડ બીન કૉલ્ડ) We had been called (વી હેડ બીન કૉલ્ડ.)
Thou hadst been called (ધાઉ હેડસ્ટ બીન કૉલ્ડ) You had been called (યુ હેડ બીન કૉલ્ડ.)
He had been called (હી હેડ બીન કૉલ્ડ) They had been called (ધે હેડ બીન કૉલ્ડ.)

Future Indefinite

(ફ્યુચર ઇન્ડેફીનીટ.)

1. I shall be called (આઇ શેલ બી કૉલ્ડ) We shall be called (વી શેલ બી કૉલ્ડ.)
2. Thou wilt be called (ધાઉ વીલ્ટ બી કૉલ્ડ) You will be called (યુ વીલ બી કૉલ્ડ.)
3. He will be called (હી વીલ બી કૉલ્ડ) They will be called (ધે વીલ બી કૉલ્ડ)

Future Perfect

(ફ્યુચર પરફેક્ટ.)

1. I shall have been called (આઇ શેલ હેવ બીન કોલ્ડ.) — We shall have been called (ઉવી શેલ હેવ બીન કોલ્ડ)

2. Thou wilt have been called (ધાઉ ઉવીલ્ટ હેવ બીન કોલ્ડ) — You will have been called. (યુ ઉવીલ હેવ બીન) કોલ્ડ)

3. He will have been called (હી ઉવીલ હેવ બીન કોલ્ડ) — They will have been called (ધે ઉવીલ હેવ બીન કોલ્ડ)

Imperative Mood

(ઇમ્પેરેટીવ મૂડ·)

Present Tense.

(પ્રેઝંટ ટેન્સ.)

Be thou called (બી ધાઉ કોલ્ડ) — Be you called (બી યુ કોલ્ડ,)

Future Tense

(ફ્યુચર ટેન્સ.)

Thou shalt be called (ધાઉ શેલ્ટ બી કોલ્ડ) — You shall be called (યુ શેલ બી કોલ્ડ.)

He shall be called	They shall be called
(હી શેલ બી કોલ્ડ)	(ધે શેલ બી કોલ્ડ)

Subjunctive Mood

Present Indefinite

(પ્રેઝંટ ઇન્ડેફીનીટ)

1. If I be called	If we be called
(ઇફ આઇ બી કોલ્ડ)	(ઇફ વી બી કોલ્ડ)
2. If thou be called	If you be called
(ઇફધાઉ બી કોલ્ડ.)	(ઇફ યુ બી કોલ્ડ.)
3. If he be called	If they be called
(ઇફ હી બી કોલ્ડ.)	(ઇફ ધે બી કોલ્ડ.)

Present Perfect.

(પ્રેઝંટ પરફેક્ટ.)

If I have been called.	If we have been called
(ઇફ આઇ હેવ બીન કોલ્ડ)	(ઇફ ઉવી હેવ બીન કોલ્ડ.)
If thou have been called	If you have been called
(ઇફ ધાઉ હેવ બીન કોલ્ડ)	(ઇફ યુ હેવ બીન કોલ્ડ.)
If he have been called	If they have been called
(ઇફ હી હેવ બીન કોલ્ડ)	(ઇફ ધે હેવ બીન કોલ્ડ.)

Past Indefinite

(પાસ્ટ ઇનડેફીનીટ.)

1. If I were called (ઇફ આઇ ઉવર કાલ્ડ) If we were called (ઇફ ઉવી ઉવર કાલ્ડ.)
2. If thou were called. (ઇફ ધાઉ ઉવર કાલ્ડ) If you were called (ઇફ યુ ઉવર કાલ્ડ.)
3 If he were called (ઇફ હી ઉવર કાલ્ડ) If they were called (ઇફ ધે ઉવર કાલ્ડ.)

Past Imperfect

(પાસ્ટ ઇમ્પરફેક્ટ.)

If I were being called (ઇફ આઇ ઉવર બીઈંગ કાલ્ડ.) If we were being called (ઇફ ઉવી ઉવર બીઈંગ કાલ્ડ.)

If thou were being called (ઇફ ધાઉ ઉવર બીઈંગ કાલ્ડ.) If you were being called (ઇફ યુ ઉવર બીઈંગ કાલ્ડ.)

If he were being called (ઇફ હી ઉવર બીઈંગ) કાલ્ડ) If they were being called (ઇફ ધે ઉવર બીઈંગ કાલ્ડ.)

Past Perfect.

(પાસ્ટ. પરફેક્ટ.)

If I had been called	If we had been called.
(ઇફ આઇ હેડ બીન કોલ્ડ.)	(ઇફ ઉવી હેડ બીન કોલ્ડ.)
If thou had been called	If you had been called.
(ઇફધાઉ હેડ બીન કોલ્ડ.)	(ઇફ યુ હેડ બીન કોલ્ડ.)
If he had been called	If they had been called.
(ઇફ હી હેડ બીન કોલ્ડ.)	(ઇફ ધે હેડ બીન કોલ્ડ.)

Future Indefinite

(ફ્યુચર ઇન્ડેફીનીટ.)

1. If I should be called	If we should be called.
(ઇફ આઇ શુડ બી કોલ્ડ.)	(ઇફ ઉવી શુડ બી કોલ્ડ.)
2. If thou should be called	If you should be called.
(ઇફ ધાઉ શુડ બી કોલ્ડ.)	(ઇફ યુ શુડ બી કોલ્ડ.)
3. If he should be called.	If they should be called.
(ઇફ હી શુડ બી કોલ્ડ.)	(ઇફ ધે શુડ બી કોલ્ડ.)

Future Perfect
(ફ્યુચર પરફેક્ટ.)

1. If I should have been called. (ઇફ આઇ શુડ હેવ બીન કોલ્ડ.) — If we should have been called. (ઇફ વી શુડ હેવ બીન કોલ્ડ.)

2. If thou should have been called. (ઇફ ધાઉ શુડ હેવ બીન કોલ્ડ.) — If you should have been called (ઇફ યુ શુડ હેવ બીન કોલ્ડ.)

8. If he should have been called. (ઇફ હી શુડ હેવ બીન કોલ્ડ.) — If they should have been called· (ઇફ ધે શુડ હેવ બીન કોલ્ડ.)

Infinitive.

Present—to be called (ટુ બી કોલ્ડ)

Perfect—to have been called (ટુ હેવ બીન કોલ્ડ)

Participles

Imperfect—being called (બીઇંગ કોલ્ડ)

Perfect—been called(બીન કોલ્ડ.)

Compound Perfect—having been called (હેવીંગ બીન કોલ્ડ)

GERUND.

Being called (બીઈંગ કોલ્ડ)
To be called (ટુ બી કોલ્ડ)

ઉપર જે કાળના પેટા ભેદ કહ્યા છે તે સિવાય Intentional (ઇન્ટેન્શનલ) **હેતુ દર્શક** નામે ભેદ કોઇ કોઇ માને છે. આ ભેદથી ક્રિયા કરવાનો હેતુ અથવા વિચાર દર્શાવાયછે. જેમકે:—

I am going to call (આઇ એમ ગોઇંગ ટુ કોલ.)
He was going to be called (હી વોઝ ગોઇંગ ટુ બી કોલ્ડ.)

પહેલો દાખલો Present Intentional(Active) અને બીજો દાખલો Past Intentional(Passive)નોછે

ક્રિયાપદના Person (પર્સન) પુરૂષ અનેNumber (નંબર) **વચન** તેના કર્તાના હોય તેજ સમજવા.

હવે Voice (પ્રયોગ) વિષે વધારે જાણીએ.

Voice (વોઇસ) બે પ્રકારના છે તે તો આપણે પાછળ જાણી ગયા. તેમજ વળી બધા અકર્મક ક્રિયાપદો Active Voiceમાં હોય છે, તે પણ પાછળ કહ્યું છે. માત્ર સકર્મક ક્રિયાપદને Active તથા Passive Voice (બેઉ) લાગે છે.

Active Voiceમાં ક્રિયા કરનારજ કર્તા હોય છે અને Passive Voiceમાં તેજ Active Voiceનો કર્મ કર્તા હોય છે અને ક્રિયા કરનારની આગળ by લાગી તેની Accusative Case થાય છે. જેમકે:—

I took the book (આઇ ટુક ધી બુક) મેં ચોપડી લીધી. (Active Voice),

The book was taken by me (ધી બુક વોઝ ટેકન બાઇ મી.) મારાથી ચોપડી લેવાઇ ગઇ.

ગૂજરાતીમાં પણ પ્રયોગ એવીજ રીતે બનેછે.

Active Voice ના વાકયોને Passive Voice અને Passive Voiceના વાકયોને Active Voiceમાં લાવવાની રીત.

Active Voiceમાં જે વાકય હોય તેના કર્મને Nominative (કર્તા) તરીકે લાવતાં તે Passive Voice ના વાકયનો કર્તા થાય છે, તે શબ્દ વાકયમાં પહેલો મૂકવો. તેની પછી Active Voiceમાં જે ક્રિયાપદ જે કાળમાં હોય છે, તે કાળના to beના રૂપ, આ નવા મૂકેલા કર્તાના પુરૂષ તથા વચન પ્રમાણે મૂકવા, અને તેની આગળ ક્રિયાપદના Perfect Participleના રૂપો મૂકવા, અને તે પછી Active Voiceમાંના કર્તાની આગળ by મૂકી તે બે શબ્દો ક્રિયાપદ પછી મૂકવા. એવે ઠેકાણે by લગાડેલા શબ્દને by શબ્દ સુદ્ધાં Agent (એજન્ટ) ક્રિયા કરનાર કહેછે. જેમકે:

He wrote the letter. (Active)

The letter was written by him. (Passive)

ઉપર આપેલા બેઉ દાખલા Activeતથા Passive Voice ના છે. પહેલો Activeનો તથા બીજો Passive નો છે. Active વાકયમાં letter કર્મ છે, તે કર્મને Nominative કર્તાને ઠેકાણે મૂકતાં તે Passiveવાકયનો

કર્તા થાય છે, તેની આગળ to be ના ભૂતકાળનું રૂપ was મૂકેલું છે, તેની પાસે write ક્રિયાપદનું Perfect Participleનું રૂપ written મૂકી તેની આગળ Active વાક્ય માંના heને by લગાડી by him એવું તેના Agent (ક્રિયા કરનાર)નું રૂપ આપવું.

એવીજ રીતે Passive ને Activeનું રૂપ આપવા માટે તેના બે દાખલા આપીએ.

This book is written by me (Passive)

I write the book (Active)

એ બે વાક્યમાંથી પહેલો Passive Voiceમાં છે, તેમાં by me માંથી byકાઢી નાખી meનુંNominative રૂપ I એ કર્તાને ઠેકાણે પહેલાં મૂકી અને to be ના રૂપ isને કાઢી નાખીને writtenનું વર્તમાનકાળનું રૂપ write છે તે Iની પાસે મૂકી તેની પાસે the book કર્મ તરીકે મૂકતાં Active Voice થાય છે.

જ્યારે ક્રિયાપદને બે કર્મ હોય છે ત્યારે પણ ઉપલાજ નિયમે Active Voiceનો Passive Voice થાય છે. માત્ર બે કર્મમાંથી Direct Object (મુખ્ય કર્મ) હોય તેને Passive Voiceમાં કર્તા બનાવવો અને બીજો કર્મ હોય તે એમજ રહેવા દેવો. જેમકે:—

He gave me a book. (Active)

A book was given me by him.(Passive)

Passive વાક્યમાં him મુખ્ય કર્મ છે તેથી તેને Active વાક્યમાં કર્તા તરીકે લીધેલ છે.

વળી Passive વાક્યમાં કોઇ કોઇ વખતે Agent અધ્યાહાર હોય છે, તેવા વાક્યને Activeનું રૂપ આપતાં

અર્થ બતાવવા માટે Agent (ક્રિયા કરનાર) મૂકવો પડે છે. જેમકે:--

He was taken to the hospital

એ Passive વાક્ય છે. આ વાક્યને Activeનું રૂપ આપવા માટે by them અથવા by the people એવો શબ્દ અર્થ મેળવવા માટે અથવા વાક્ય રચના પૂર્ણ કરવા માટે ઉમેરવો પડે છે. તેથી તે વાક્ય તદ્દન ફરી જાયછે

They (અથવા the people) took him to the hospital.

શીખનારે અહીં સુધી શીખીને પોતાને જે કાંઇ આવડયું હોય તે ફરીથી યાદ કરવા માટે આ બીજા ભાગમાં શીખેલા વ્યાકરણના કેટલાક સવાલ આપ્યા છે. તે સવાલમાંથી દરરોજ થોડા થોડાના જવાબ શીખનારે ચોપડીમાં જોયા વગર લખવા. લખ્યા પછી તે ચોપડી ઊઘાડી સરખાવી જોવા અથવા કોઇ ભણેલાને બતાવી તે બરાબર છે એવી ખાત્રી કરવી. જો કોઇ સવાલનો જવાબ ન આવડે તો તે ગોખીને પાછો મોઢે કરવો તેથી અંગ્રેજી ભાષાના બધા નિયમો યાદ રહેશે.

સવાલ.

૧. અંગ્રેજીમાં આંકડાની સંખ્યા અક્ષરોથી કેમ લખવી?
૨. Syllable એટલે શું?
૩. Syllableના થોડા દાખલા આપો.
૪. આ શબ્દોમાં કેટલા Syllables છે તે કહો;—
Churchyard, Forward, India, America, beautiful, Sister.
૫. નામના કેટલા પ્રકાર છે?

૬. શબ્દની જાતિ કેટલી છે?

૭. Abstract Noun (ભાવવાચક નામ) એટલે શું?

૮. ભાવવાચક નામના દાખલા આપો,

૯. વિશેષ નામના થોડા દાખલા આપો·

૧૦. Verbal Noun કોને કહેછે? તેના દાખલા આપો.

૧૧. A, An, અથવા The એ પ્રત્યય કયા કયા પ્રકારના નામને લાગતા નથી. તે કહો

૧૨. A water અને a gold તથા a food અને the food વપરાય કે નહિ? જો વપરાતા હોયતો કયા અર્થમાં

૧૩. સર્વનામ એટલે શું?

૧૪. સર્વનામ કેટલા પ્રકારના છે?

૧૫ પુરૂષવાચક સર્વનામ કયા કયા?

૧૬ Antecedent કોને કહે છે?

૧૭ Compound Relative Pronoun એટલે શું?

૧૮ Possessive Pronouns એટલે શું?

૧૯ Possessive Pronounsના જેટલા આકડે તેટલા દાખલા આપો.

૨૦ નીચે લખેલા વાક્યોમાં કયા કયા તથા કઇ કઇ જાતના સર્વનામ છે તે લખો.

Who is there? What are you?

Which of these do you like?

It is so. I am a student.

He saw some of them.

This is the same as that.

Do what you like.

The boat I saw was small

This is the slate which I bought.
Who is that tall man?
I know not the man who comes.
Which boy is best at his task?
This is the same thing which I saw.
They saw each other
All the children love one another.
Each of them took one pencil.

૨૧ જાતિ કેટલી છે?
૨૨. નર, નારી, તથા નાન્યતર જાતિના થોડા દાખલા આપો.
૨૩ નીચેના શબ્દો કઇ જાતિના છે તે જણાવો.

India,	the Moon,	son,
Person,	the Sun,	ship,
father,	animal,	slate,
man,	book,	girl.

૨૪ Number (વચન) કેટલા છે તે તથા કયા કયા?
૨૫ બહુવચન કેવી રીતે થાય છે?
૨૬ અંગ્રેજી વિભક્તિ (Case) કેટલી છે?
૨૭ Genitive અથવા Possessive કેવી રીતે વપરાયછે
૨૮ સર્વનામને વિભક્તિ કેવી રીતે લાગે છે?
૨૯ સર્વનામના છઠ્ઠી વિભક્તિ Genitiveના I, thou તથા heના બધા રૂપો આપો.
૩૦ I, thou, he, she, it તથા who એ સિવાયના બીજા સર્વનામને છઠ્ઠી વિભક્તિ લગાડવી હોયતો તે કેવી રીતે લાગડવી?
૩૧ Vocative (સંબોધન) કેવી રીતે વપરાય છે?

૩૨ Nominative, Accusative Genitive અને Vocativeના બેબે દાખલા આપો.

૩૩. નીચે આપેલા વાકયોમાંના નામ તથા સર્વનામની વિભકિત કહો.

Paper is made from rags.

Whom do you call ?

I like to read this.

This stick is yours.

O Thou, Who hast made all things, hear me.

૩૪ વિશેષણ એટલે શું ?

૩૫. વિશેષણના દાખલા આપો.

૩૬. વિશેષણ કેટલા પ્રકારના છે ?

૩૭. Distributive Adjective કયા કયા છે તે લખો.

૩૮. Definite Numeral Adjective ના થોડા દાખલા આપો.

૩૯. નામનો વિશેષણ પ્રમાણે કયારે અને કેવી રીતે ઉપયોગ થાય છે તે લખો, તથા તેના દાખલા આપો.

૪૦. નામને ly લાગીને વિશેષણ થાય છે તેના દાખલા આપો તથા વાકયો લખો.

૪૧. Degree કેટલી છે તે તથા તેમના નામ આપો

૪૨. બધી Degreeઓના થતા રૂપો બતાવો.

૪૩. શબ્દને છેડે y હોય તેને er અથવા est લગાડવા પહેલાં i કરવો પડેછે તેના દાખલા આપો.

૪૪. નીચે આપેલા વાકયોમાં વિશેષણ કયા કયા પ્રકારના છે તે લખો; તથા જેની Degreeહોય તે કઇ Degree

છે તે જણાવો.

I saw three girls going to school.

Some times bad men are happier than good ones.

This is a princely gift.

Some boys were good, others better, and the remaining best.

Give me your silver chain.

Give me some more rice.

Which boy is the cleverest of all

Every one of them came at the proper time.

This is a book written by the same good author.

૪૫. આર્ટીકલ એટલે શું? તે કેટલા પ્રકારના છે.

૪૬. આર્ટીકલ કોને કોને નથી લાગતા તે કહો.

૪૭. An કેવા શબ્દોને લાગે છે તે કહો તથા તેના દાખલા આપો.

૪૮. ક્રિયાપદ કેટલા પ્રકારના છે.

૪૯. સહાયકારક ક્રિયાપદ કયા કયા છે તે બધા લખો.

૫૦. Participle (કૃદંત)ના કેટલા પ્રકાર છે?

૫૧. Conjugation (ગણ)ના પ્રકારો કેટલા છે?

૫૨. Mood કેટલા પ્રકારના છે?

૫૩. Tense (કાળ) એટલે શું? કાળ કેટલા છે?

૫૪. સહાયકારક ક્રિયાપદ to be તથા to doના Present (વર્તમાન) Past (ભૂત) અને Future Tense

(ભવિષ્યકાળ)ના રૂપો આપો.

૫૫. કાળના પેટા ભેદ કેટલા છે ?

૫૬. Voice (પ્રયોગ)ના પ્રકાર તથા નામ કહો.

૫૭. કોઇ એક ક્રિયાપદ લઇ તેને ક્રિયાપદના બધા રૂપો આપો

૫૮. Passive Voiceના વાક્યને Active Voiceમાં લાવવા માટે તથા Active Voiceના વાક્યને Passive Voiceના વાક્યમાં લાવવા માટે કેવો ફેરફાર કરવો પડેછે તે લખો.

૫૯. ક્રિયાપદને Agent હોય છે તે Agent તે શું ?

૬૦. Gerund of Purpose ક્યારે કહેવાય છે ?

ઉપર જે સાઠ સવાલ આપ્યા છે તેમાંના થોડા થોડા સવાલોના જવાબો લખી પછી ચોપડીમાં જોઇ તે સરખાવવા અથવા કોઇ ભણેલાને બતાવવા.

ADVERB(એડવર્બ.)

ક્રિયાવિશેષણ અવ્યય.

અવ્યય ઘણું કરીને વિષયપદ અને ક્રિયાપદના અનેક પ્રકારના સંબંધ દેખાડનારા શબ્દો છે. પણ અંગ્રેજીમાં તો Adjective, Participle, Verb, Prepositionઅને બીજા ક્રિયાવિશેષણના ગુણ, પ્રકાર વગેરે દર્શાવે છે.

I know he is *very* proud.

(આઈ નો હી ઇઝ વેરી પ્રાઉડ.)

આ વાક્યમાં very ક્રિયાવિશેષણ છે તેણે proud એ વિશેષણનો ગુણ બતાવેલો છે.

He is a highly honoured man.

(હી ઇઝ આ હાઇલી ઓનર્ડ મેન.)

આ વાક્યમાં highly ક્રિયાવિશેષણ છે, તેણે honoured એ Participle(કૃદંત)નો ગુણ દેખાડેલો છે.

The dogs howled *fearfully.*)

(ધી ડૉગ્સ હાઉલ્ડ ફીઅરફુલી.

અહીં fearfully ક્રિયાવિશેષણે howled ક્રિયાપદનો ગુણ દેખાડેલ છે.

I am *far* from blaming you.)

(આઈ એમ ફાર ફ્રોમ બ્લેમીંગ યુ.

અહીં far ક્રિયાવિશેષણે from એ શબ્દયોગીનો ગુણ બતાવેલ છે.

I am *most* terribly frightened.

(આઇ એમ મોસ્ટ ટેરીબ્લી ફ્રાઇટન્ડ.)

અહીં most ક્રિયાવિશેષણે terribly એ બીજા ક્રિયાવિશેષણનો ગુણ બતાવેલ છે.

અંગ્રેજીમાં Adverbના પાંચ મુખ્ય પ્રકારના ભેદછે.

(1) Adverb of Place (એડવર્બ ઓફ્ પ્લેસ)સ્થળ વાચક ક્રિયાવિશેષણ. તેના દાખલા—here, there, near, above, thence, hence, hither, thither, વગેરે.

(2) Adverb of Time (એડવર્બ ઓફ્ ટાઇમ)કાળ વાચક ક્રિયાવિશેષણ. તેના દાખલા—then, when, now, ever, always, to-morrow, before, once, at once, soon, lately, often વગેરે.

(3) Adverb of Manner (એડવર્બ ઓફ્ મેનર) પ્રકાર દર્શક ક્રિયાવિશેષણ. તેના દાખલા—well, boldly, rapidly, quickly, surely વગેરે.

(4) Adverb of Degree (એડવર્બ ઓફ ડીગ્રી) પરિમાણ વાચક ક્રિયાવિશેષણ. તેના દાખલા— little, very, far, much, too, as વગેરે.

(5) Adverb of Cause and Effect (એડવર્બ ઓફ કોઝ એન્ડ ઇફેકટ) કારણ અને પરિણામ દર્શક ક્રિયાવિશેષણ. તેના દાખલા—why, wherefore, accordingly, likewise, still, therefore વગેરે.

આ સિવાય no, not, perhaps, indeed, yes, else એ સાદા ક્રિયાવિશેષણ અવ્યય છે.

કેટલાક વિશેષણને ly લાગીને તેના ક્રિયાવિશેષણ બનેછે. જેમકે—kind, kindly; bad, badly; વગેરે.

There સ્થળવાચક ક્રિયાવિશેષણ છે, પણ ઘણેક ઠેકાણે તેનો ઉપયોગ થતો નથી, તેવે વખતે તેને Expletive Adverb (એકસપ્લેટીવ એડવર્બ) વાકયપૂરક ક્રિયાવિશેષણ અવ્યય કહે છે. આવી વખતે તે ઘણુંકરીને વાકયની શરૂઆતમાં આવે છે. જેમકે:—

There is no book upon the table.
(ધેર ઇઝ નો બુક અપોન ધી ટેબલ.)
ટેબલ ઉપર ચોપડી નથી,

There were 300 men on the work.
(ધેર ઉવર થ્રી હંડ્રેડ મેન ઓન ધી વર્ક.)
કામ ઉપર ૩૦૦ માણસો હતા.

બેઉ વાકયમાં there શબ્દનો અર્થ થતો નથી, પણ માત્ર વાકયપૂર્તિ માટેજ વપરાએલ છે.

કેટલાક શબ્દો Adverb (ક્રિયાવિશેષણ અવ્યય) અને Preposition (શબ્દયોગી અવ્યય) બેઉ તરીકે વપ

સય છે. તેને ઓળખવાની રીત સહેલી છે. તે શબ્દને એકા દ નામ અથવા સર્વનામ સાથે સંબંધ હોય તો તેને શબ્દ-યોગી તરીકે ગણુવો, પણ જો એકલોજ કોઇના સંબંધ વગર હોય તો તે ક્રિયાવિશેષણ હોય છે. જેમકે:--

Then the man looked *above* (Adverb.)
You are not *above* them (Preposition.)
They were to go *in* at once (Adverb.)
Madhav is now *in* the house. (Preposition)
Purshotam went *on* with his work. (Adverb)
The bird sat *on* the tree (Preposition)

કેટલાક ક્રિયાવિશેષણુને વિશેષણુ પ્રમાણે Degree લાગે છે. જેમકે:—early, earlier, earliest વગેરે.

Preposition.

(પ્રેપોઝીશન) શબ્દયોગી અવ્યય.

શબ્દયોગી એટલે નામ અથવા સર્વનામનો વાક્ય માંહેલા બીજા શબ્દથી સંબંધ દેખાડનાર શબ્દ. જેમકે:-

He is in the house (હી ઇઝ ઇન ધી હાઉસ)

આ વાક્યમાં is અને house એ બે શબ્દો વચ્ચેનો સંબંધ in શબ્દયોગી અવ્યયથી બતાવેલ છે, તેતો દેખીતુંજ છે.

શબ્દયોગી અવ્યય જે નામ અથવા સર્વનામને લાગે તેની Objective Case (બીજી વિભક્તિ) હોય છે. એ વિષેની સમજણુ Objective Case વાળી બાબતમાં આપેલી છે.

બીજા થોડાક શબ્દયોગી અવ્યય (Preposition) ના દાખલા અત્રે આપ્યા છે- about, (અબાઉટ), before, (બીફોર), after(આફટર), above (અબવ),against (અગેન્સ્ટ), among (અમંગ), below (બીલો), beneath (બીનીથ), besides (બીસાઇડસ),between (બીટવીન), by (બાઇ), from (ફ્રોમ),during(ડયુરીંગ) except (એકસેપ્ટ), for (ફોર), near (નીઅર), of (ઓફ), off (ઓફ), on (ઓન), round(રાઉન્ડ), since (સીન્સ), through (થ્રુ). till (ટીલ), to (ટુ), towards (ટોવાર્ડઝ), under (અંડર), upon (અપોન), up (અપ), with (ઉવીથ), within (ઉવીધીન), without (ઉવીધાઉટ), વગેરે.

CONJUNCTION.

(કન્જંકશન) ઉભયાન્વયી અવ્યય.

ઉભયાન્વયી અવ્યય એટલે બે શબ્દ અથવા વાકયને જોડવા માટે વપરાતો શબ્દ. જેમકે:—and, for, but, that વગેરે.

અંગ્રેજીમાં Conjunctionના બે પ્રકાર છે.

1. Co-ordinate Conjunction (કો-ઓરડીનેટ કન્જંકશન). અને

2 Subordinate Conjunction(સબોરડીનેટ કન્જંકશન).

બે શબ્દ અથવા બે વાકયને જોડનાર શબ્દને Co-ordinate Conjunction કહે છે. જેમકે:-

The ball fell *and* the boy took it.
(ધી બોલ ફેલ એંડ ધી બોય ટુક ઇટ.)
દડો પડયો **અને** છોકરાએ ઉંચકી લીધો.

એમાં *and* એ Co-ordinate Conjunction છે. બીજા but, still, or therefore વગેરે (કો–ઓરડીનેટ કન્જંકશન) છે.

એક વાક્યથી બીજા વાક્યનો સંબંધ બતાવાય તે Subordinate Conjunction કહેવાય છે. જેમકે:–

If you go, I go.
(ઇફ યુ ગો, આઇ ગો.)
જો તમે જાઓ (તો) હું જાઉં.

એમાં *if* છે તે Subordinate Conjunction છે. (ગૂજરાતીમાં વાકયમાં જો (જો) આવે તો પાછું (તો) આવે છે. પણ અંગ્રેજીમાં તેમ નથી.) બીજા as, since, than, unless એ (સબોરડીનેટ કન્જંકશન) છે.

કેટલાક શબ્દો Conjunction, Preposition અને Adverb ત્રણે હોય છે, તે કયાં કયાં હોય છે તે તો વાકય સાથેના તેના સંબંધ ઉપરથી સમજાયછે.

INTERJECTION.

(ઇન્ટરજેકશન) કેવળપ્રયોગી અવ્યય.

કેવળપ્રયોગી અવ્યય એટલે હર્ષ, શોક, આશ્ચર્ય વગેરે મનોવિકારનો બોધ કરનાર શબ્દ. વાકયના બીજા કોઇ શબ્દ જોડે એ શબ્દનો પ્રયોગ થતો નથી, એટલે બીજા કોઇનો સંબંધ નથી તે શબ્દ. કોઇને બોલાવવામાં. કે બુમ પાડવામાં એ વપરાય છે.

O, ah, oh, alas, lo, hurrah, ha, hush વગેરેનો એમાં ઉપયોગ થાય છે. એની પાસે ઘણીવારતો(!) આશ્ચર્યની નિશાની પણ આવે છે. જેમકેઃ—

O God ! Keep us safe.

(ઓ ગોડ ! કીપ અસ સેફ.)

નીચે આપેલા વાકયોમાં કયા કયા શબ્દો અવ્યય છે તથા તે કઈ જાતના છે, તે લખીને પછી તે કોઈ શીખેલાને બતાવવા.

He ran down the hill.

You are but a child.

Never go to school without your books.

